આજનો સુવિચાર

જેનામાં શાંતિનો નિવાસ નથી, તેના બધા જ સદ્ગુણ વ્યર્થ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૪ જૂનાગઢ તા.૦૬-૧૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 304, Junagadh : Date : 06 December, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## રિઝર્વ બેંકે ફરીએકવાર વ્યાજદરો યથાવત રાખ્યા : લોન સસ્તી નહીં થાય

મુંબઈ, તા.૬:
રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ તેની ત્રણ દિવસીય બેઠકમાં ફરી એકવાર રેપો રેટને ૬.૫ ટકા પર જ જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે આ નિર્ણય MPC સભ્યો દ્વારા ૪:૨ની બહુમતીથી લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું છે કે રિઝર્વ બેંકની નીતિઓની અસર લોકોના જીવન પર પડે છે. રિઝર્વ બેંકનું પહેલું કામ મોંઘવારી પર નિયંત્રણ રાખવાનું છે.

રિઝર્વ બેંક ગવર્નર શકતિકાંત દાસના જણાવ્યા અનુસાર, મોનેટરી પોલિસી કમિટી એ ૪-૨ બહુમતી સાથે વ્યાજ દર ૬.૫% પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો, જ્યારે SDF દર ૬.૨૫% અને MSF દર ૬.૭૫% પર યથાવત છે. મધ્યસ્થ બેંકનું વલણ તટસ્થ રહે છે. MPC સર્વસંમતિથી આ તટસ્થ નીતિ વલણ જાળવવા માટે સંમત થયું હતું, જે વર્તમાન આર્થિક પરિસ્થિતિઓ પ્રત્યે સાવચેતીભર્યું અભિગમ દર્શાવે છે. રિઝર્વ બેંકે વ્યાજદરો યથાવત રાખતા હોમ સહિતની લોનના હપ્તા હાલ ઘટશે નહિ. રિઝર્વ બેંકે જીડીપી ૬.૬% તથા ફુગાવો ૪.૮ ટકા રહેશે તેવું અનુમાન જાહેર કર્યુ છે.

## રાજયસભામાં કોંગ્રેસના સાંસદ સિંઘવીની બેઠક નીચેથી નોટોના બંડલ મળ્યા : ભારે હોબાળો


નવી દિલ્હી તા.૦૬
સંસદના શિયાળુ સત્રનો આજે ૯મો દિવસ છે. રાજયસભામાં ભાજપે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ નીચેથી નોટોનાં બંડલ મળ્યાં હતાં. આરોપ પર સિંઘવીએ કહ્યું- હું રાજ્યસભામાં ૫૦૦ રૂપિયાની માત્ર એક નોટ લઈને ગયો હતો. આ મેં પહેલીવાર સાંભળ્યું છે. હું ૧૨:૫૭ વાગ્યે ગૃહમાં પહોંચ્યો. ૧ વાગ્યે ગૃહની કાર્યવાહી શરૂ થઈ. હું ૧:૩૦ સુધી કેન્ટીનમાં બેઠો હતો. આ પછી હું સંસદમાં ગયો હતો.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, "હું વિનંતી કરું છું કે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય અને ઘટનાની સત્યતા સ્થાપિત ન થાય ત્યાં સુધી કોઈ સભ્યનું નામ ન આપવું જોઈએ."

લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદો તરફથી સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયો. જય સંવિધાનના નારા લગાવ્યા. એના પર સ્પીકર ઓમ બિરલાએ કહ્યું, શું તમે લોકો ગૃહ ચલાવવા નથી માગતા શું તમે નથી ઈચ્છતા કે પ્રશ્નકાળ ચાલુ રહે આ પછી વિપક્ષી સાંસદોએ દલીલો કરી.ઓમ બિરલાએ કહ્યું હતું કે હું ગૃહની અંદરની ગરિમા કે શૌર્યને ઘટવા નહીં દઉં. તમને પ્રશ્નકાળમાં સહકાર આપવા વિનંતી છે. આ પછી પણ વિપક્ષી સાંસદોએ હોબાળો ચાલુ રાખ્યો હતો. બિરલાએ ગૃહની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી.

ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની આજે પુણ્યતિથિ છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં બાબા સાહેબને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદી અને ખડગેએ એકબીજા સાથે હાથ મિલાવ્યા અને કોઈ વાત પર હસ્યા.

## હરિદ્વારમાં ગંગા નદીનું પાણી પીવા લાયક નથી : સ્નાન કરી શકાય



હરિદ્વાર, તા.૬:
ગંગા નદીના પાણીની ક્વૉલિટી બાબતે નિરીક્ષણ રાખતા હરિદ્વારના પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડે આ પાણીની ક્વૉલિટી બી-ગ્રેડની બતાવી છે. તેનો અર્થ એ થાય છે કે હરિદ્વારમાં ગંગા નદીનું પાણી આચમન કરવા કે પીવા લાયક નથી પરંતુ એમાં સ્નાન કરી શકાય છે. પાંચ વર્ષથી દર મહિને આ પ્રમાણે ચેકિંગ કરવામાં આવે છે. પહેલાં તો ગંગા નદીનું પાણી સ્નાનને લાયક પણ નહોતું, જોકે હવે એ ક્વૉલિટી સુધરી છે. આ મુદ્દે પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડે જણાવ્યું હતું કે અહીં પાણી પીવામાં આવતાં સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થઈ શકે છે. નવેમ્બર મહિનામાં આઠ સ્થળેથી સૅમ્પલ લઈને એને ચકાસવામાં આવ્યાં હતાં. જેમાં આ માહિતી બહાર આવી છે.

## બોગસ સર્ટીફીકેટની ફેકટરીનો પર્દાફાશ : રૂા.૭૦,૦૦૦માં ડીગ્રીનું વેચાણ : ધો.૮ પાસ પણ ડોકટર બન્યા

સુરત, તા.૬:
સુરતમાં એક ગેંગનો પર્દાફાશ થયો છે. તેની પાસેથી લગભગ ૧,૨૦૦ નકલી ડિગ્રીઓનો ડેટાબેઝ મળી આવ્યો છે. ગેંગના સભ્યોએ આઠમું ધોરણ પાસ કરનારાઓને પણ મેડિકલ ડિગ્રી આપી હતી. તેના બદલામાં તે દરેક વ્યક્તિ પાસેથી ૭૦ હજાર રૂપિયા લેતો હતો. ગુજરાત પોલીસે આ ટોળકી પાસેથી ડિગ્રી ખરીદનારા ૧૪ નકલી ડોકટરોની ધરપકડ કરી છે. પોલીસે મુખ્ય આરોપી ડો.રમેશ ગુજરાતીની પણ ધરપકડ કરી છે. આરોપીઓ 'બોર્ડ ઓફ ઈલેક્ટ્રો હોમિયોપેથિક મેડિસિન ગુજરાત' અથવા BEHM દ્વારા જારી કરાયેલી ડિગ્રીઓ આપતા હતા. પોલીસને તેમની પાસેથી સેંકડો અરજીઓ, પ્રમાણપત્રો અને ટિકિટ મળી છે.

લોકો કહે છે કે કલયુગમાં કંઈ પણ થઈ શકે છે. પરંતુ આજકાલ જે પ્રકારના સમાચાર આવી રહ્યા છે તેના પરથી કહી શકાય કે આ 'ઠગ યુગ' છે. દેશમાં, છેતરપિંડી કરનારાઓ લોકોને છેતરવા માટે ઘણી રીતો ઘડી રહ્યા છે. સુરત પોલીસે ગુરુવારે એક રેકેટનો પર્દાફાશ કર્યો હતો જેમાં નકલી મેડિકલ ડિગ્રી વેચવામાં આવતી હતી.

## પુષ્પા ફિલ્મના સ્કીનીંગ વખતે બનેલી ઘટનામાં અલ્લુ અર્જુન સહિતના લોકો સામે ઈરાદા વિના હત્યા કરવાનો ગુનો નોંધાયો

હૈદરાબાદ તા.૦૬
હૈદરાબાદમાં 'પુષ્પા-૨' ફિલ્મના સ્ક્રિનિંગ દરમિયાન નાસભાગને કારણે એક મહિલાનું મોત નિપજ્યું હતું. હવે આ મામલે પોલીસે એક્ટર અલ્લુ અર્જુન, સંધ્યા થિયેટર અને સુરક્ષા એજન્સી સામે કેસ નોંધ્યો છે. હૈદરાબાદના ડેપ્યુટી કમિશનર અક્ષંશ યાદવે જણાવ્યું કે, પોલીસે મૃતક મહિલાના પતિની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે. થિયેટર મેનેજમેન્ટ, અલ્લુ અર્જુન અને તેની સુરક્ષા ટીમ સામે દોષિત હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશને કલમ ૧૦૫ (દોષિત હત્યા), ૧૧૮(૧) (સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી) r/w 3(5) BNS હેઠળ કેસ નોંધ્યો છે. DCPએ વધુમાં જણાવ્યુ કે, થિયેટર મેનેજમેન્ટ અથવા એક્ટરની ટીમ દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી કે તે થિયેટરમાં આવશે. થિયેટર મેનેજમેન્ટે ભીડને કાબૂમાં રાખવા માટે સુરક્ષા સંબંધિત વધુ વ્યવસ્થા કરી ન હતી. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે. સિનેમા હોલની અંદર અવ્યવસ્થિત સ્થિતિ ઉભી કરનાર જવાબદાર તમામ લોકો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ''મોદી-અદાણી એક હૈ''ના ટી-શર્ટ પહેરીને રાહુલ ગાંધી સહિતના વિપક્ષના સાંસદોએ ગૃહમાં પ્રદર્શન કર્યું



નવી દિલ્હી તા.૬
એસ પ્રોસિકયુટર્સ દ્વારા ભારતના અગ્રણી ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સહીત અદાણી જૂથ સાથે જોડાયેલા ઘણા લોકો પર લાંચ અને છેતરપિંડીના આરોપ લગાવવામાં આવ્યા છે. કોંગ્રેસ આ આરોપો મામલે સંસદના ચાલી રહેલા શિયાળુ સત્રમાં ચર્ચા કરવા ઈચ્છે છે, સરકાર ચર્ચા કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી રહી છે, જેને કારણે બંને ગૃહોમાં હોબાળો થઇ રહ્યો છે. એવામાં કોંગ્રેસના સાંસદોએએ સંસદ પરિસરમાં અલગ રીતે જ પ્રદર્શન કર્યુ હતું. કોંગ્રેસના સાંસદો 'મોદી અદાણી એક હૈ' લખેલા ટી શર્ટસ અને જેકેટ્સ પહેરીને આવ્યા હતાં.વિપક્ષના સાંસદો અદાણી જૂથ સામેના આરોપોની જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી) દ્વારા તપાસ કરવાની માંગ કરી રહ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી અન્ય સાંસદો સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતાં.

## વિશ્વની ૧૦ સૌથી ખરાબ એરલાઈન્સમાં ભારતની ઈન્ડિગોનું નામ



નવી દિલ્હી, તા.૬:
વિશ્વની વિવિધ ઍરલાઈન્સનાં રૅન્કિંગ્સ મંગળવારે ઍરહેલ્પ સંસ્થાએ જાહેર કર્યાં હતાં અને જેમાં ભારતની સૌથી મોટી ખાનગી ઍરલાઈન્સ ઈન્ડિગોને ટોચની ૧૦ ખરાબ ઍરલાઈન્સમાં સ્થાન મળ્યુંછે. વિવિધ ઍરલાઈન્સમાં પ્રવાસ કરનારા લોકોએ આપેલી જાણકારીના આધારે આ કંપની સૌથી સારી અને સૌથી ખરાબ એવી ૧૦-૧૦ ઍરલાઈન્સનાં નામ જાહેર કરે છે. ફ્લાઈટના સમયનું પાલન, ફૂડ-ક્વૉલિટી, કમ્ફર્ટ, ક્રુ મેમ્બરોની સર્વિસ અને કસ્ટમરોની ફરિયાદો વગેરે મુદ્દે આ રૅન્ક આપવામાં આવે છે.

## હવે બોગસ આંગડીયા પેઢીનું કૌભાંડ : ૧૨ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ તા.૬
રાજયભરમાં લગભગ દરરોજ નીતનવા કૌભાંડો ખુલી રહ્યા છે. નકલી અધિકારીઓ-ગેંગથી માંડીને ઓનલાઈન કૌભાંડોનો રાફડો છે.જયારે એક નવા કૌભાંડમાં બોગસ આંગડીયા પેઢી સ્થાપીને એક કરોડથી વધુની રકમ ઉસેટી લેવાયાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમરેલીમાં ઓટો વિક્રેતાઓ રાજકોટ સહીતના ૧૨ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. અમરેલીમાં સ્કુટર શોરૂમ ધરાવતા વેપારી જયદીપ રાવરાણીએ રાજકોટના ગોપાલ પીટલાબોય તથા તેના ૧૧ સાગ્રીતો સામે ફરીયાદ નોંધાવી છે. અમરેલીનાં બાબરાનાં રહેવાસી રાવરાણીએ કરેલી ફરીયાદ મુજબ રાજકોટના ગોપાલ સાથે ગત મે મહિનામાં સંપર્કમાં આવ્યો હતો. તેણે કોઈ જામીનગીરી વિના ૨૫ લાખની લોન અપાવવામાં મદદ કરી હતી અને ત્યારથી સંપર્ક ગાઢ બનવા સાથે આર્થિક નાણાકીય બાબતોનો વ્યવહાર થવા લાગ્યો હતો.

## ઘોર કળયુગ : સગીર વિદ્યાર્થીનીએ કલાસરૂમમાં જ બાળકને જન્મ આપ્યો

ભોપાલ તા.૦૬:
મધ્ય પ્રદેશની એક શાળામાંથી ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. અહીં ૧૧માં ધોરણમાં ભણતી એક સગીર વિદ્યાર્થિનીએ સરકારી શાળાના કલાસરૂમમાં જ બાળકને જન્મ આપ્યો હતો અને તેનાથી પણ વધુ આંચકાજનક બાબત એ હતી કે બીજા દિવસે સ્મશાનમાંથી નવજાત બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. હાલમાં પોલીસ આ બાબતની તપાસ કરી રહી છે.

મધ્ય પ્રદેશના સાગરમાં ઘટના બની હતી. રાબેતા મુજબ સ્કૂલ ચાલી રહી હતી, ત્યાં એક વિદ્યાર્થિની શાળામાં પહોંચી ત્યારે પીડાથી કણસતી હતી. તેની હાલત જોઈ શિક્ષકો સમજી ગયા હતા કે આ પ્રસવ પીડા છે. તેમણે વિદ્યાર્થિનીના પરિવારજનોને જાણ કરી હતી. તેઓ આવે તે પહેલા વિદ્યાર્થિનીએ નવજાત શિશુને જન્મ આપી દીધો હતો.

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ


સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5050/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

:: હાર્દિક શુભેચ્છા ::
રીબર્થ
આઈસીયુ એન્ડ હોસ્પિટલ
ડો.આકાશ પટોળીયા
ક્રિટીકલ કેર ફીઝીશ્યન એન્ડ કનસલ્ટન્ટ ઈન્ટેન્સીવીસ્ટ
મો.૯૦૯૯૦ ૭૨૬૬૩
rebirthicu@gmail.com
www.rebirthhospital.in
૪થો માળ, યુનિક પ્લાઝા કોમ્પ્લેક્ષ, રીલાયન્સ ટ્રેન્ડસ પાસે, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ-૩૬૨૦૦૧.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# અમુલ બ્રાન્ડનું ડુપ્લીકેટ ઘી પકડી પાડતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૬

ચડોતર મુકામે, પાલનપુર, બનાસકાંઠામાં તા.૪-૧૨-૨૦૨૪ નાં રોજ કરેલ રેડ દરમ્યાન ઉત્પાદક પેઢી મે. જલારામ એન્ટરપ્રાઈઝ, ૩૪,૩૫ કે.બી. લોજીસ્ટીક્સ પાર્ક ખાતે કુલ ૨ નમુનાઓ તથા આશરે ૮૯ કીલોગ્રામ અમુલ બ્રાન્ડનું ડુપ્લીકેટ ઘી તથા ૫૩ કીલોગ્રામ જેટલો વેજીટેબલ ફેટનો જથ્થો સીઝ કરવામાં આવ્યો. પેઢીનાં માલીક પ્રકાશભાઈ અમૃતલાલ ગુર્જર એ તેઓ ફૂડ લાયસન્સ વગર જ સદર પેઢી ચલાવી રહ્યા હોવાનું પણ કબુલ્યુ હતું. આ સાથે જ સ્થળ પર ઈન્ટર એસ્ટરીફાઈડ વેજીટેબલ ફેટ તથા ઘીનાં ડબ્બામાં તેનો ઉપયોગ થતો હોવાનું જણાયેલ. કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યનાં નાગરિકો ને સલામત અને સ્વચ્છ આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કટીબદ્ધ છે અને રાજ્યમાં ભેળસેળ યુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર ઈસમો વિરૂદ્ધ તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુરને મળેલ ખાનગી બાતમીના આધારે તા.૪-૧૨-૨૦૨૪નાં રોજ મે. જલારામ એન્ટરપ્રાઈઝ ખાતે કરેલ રેડ દરમિયાન ફૂડ બીઝનેસ ઓપરેટર પ્રકાશભાઈ અમૃતલાલ ગુર્જર ફૂડ લાયસન્સ વગર જ ઘી નાં ઉત્પાદન, સંગ્રહ તથા વેચાણ કરી રહેલ. આ સાથે જ વધુમાં એ પણ જાણવા મળેલ છે કે સદર વ્યક્તી વિરૂધ્ધ અગાઉ પણ પાલનપુર ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી તથા એડ્જ્યુડીકેટીંગ કોર્ટમાં ૧ લાખ ૨૫ હજારનો દંડ પણ ફટકારવામાં આવેલ. સદર પેઢીમાં તપાસ દરમિયાન સ્થળ પર જ પેઢીનાં માલીક દ્વારા બીજી પેઢીના નામવાળા લેબલો નો વપરાશ થતો હોવાનું માલુમ પડ્યું તથા આ સાથે જ વધુ તપાસ હાથ ધરતા જણાયું કે પેઢીમાં અમુલ બ્રાન્ડનાં ડુપ્લીકેટ ઘી નું ઉત્પાદન તથા પેકીંગ થઈ રહેલ છે. આથી અમુલ પ્યોર ઘી ૧૫ કીલોગ્રામ પેક તથા ઈન્ટર એસ્ટરીફાઈડ વેજીટેબલ ફેટ (લૂઝ) આમ કુલ ૦૨ નમુનાઓ લઈ કુલ ૧૪૨ કીલોગ્રામ જથ્થો કે જેની કિંમત કુલ ૭૪,૬૪૦ રૂા. થવા જઈ રહેલ છે તે સીઝ કરવામાં આવેલ છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓના દરોડાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર ગુના હીત પ્રવૃતિમાં સંડોવાયેલા ભેળસેળિયા તથા ડુપ્લીકેટ ઈસમોમાં ફફડાટ ફેલાઈ ગયેલ છે. આમ, આ તંત્ર દ્વારા ઈન્ટર એસ્ટરીફાઈડ વેજ ફેટ ના નામે ઘી ની ફલેવર નાખી જાહેર જનતાને ઘી તરીકે વેચાણ થતુ અટકાવવામાં સફળ થયેલ છે. આ ખાદ્ય પદાર્થો પ્રાથમિક દ્રષ્ટિએ બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# માણાવદરના થાનીયાણા ગામે ગૌચરની જમીનનું રોજકામ કરવા ગયેલ તલાટી મંત્રી સહિતના ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

માણાવદરના થાણીયાણા ગામે ગૌચરની જમીનનું રોજકામ કરવા ગયેલ તલાટી મંત્રી સહિત ગ્રામ પંચાયતના પટ્ટાવાળા અને પંચ ઉપર હુમલો કરી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ માણાવદર પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે થાનીયાણાના તલાટી મંત્રી નીલમબેન અશોકભાઈ વસોયાએ નાનજીભાઈ સીદીભાઈ, નાનજીભાઈના પત્ની, જસ્મીનભાઈ નાનજીભાઈ, મેઘાભાઈ સીદીભાઈ, ભરતભાઈ રૂડાભાઈ, ભુપતભાઈ હમીરભાઈ, અજયભાઈ રમેશભાઈ, પ્રવીણભાઈ માધાભાઈ, પ્રવીણભાઈના પત્ની અને બાબુભાઈ સીદીભાઈ રહે.તમામ થાનીયાણાવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે ફરીયાદી થાનીયાણા ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી તરીકે નોકરી કરતા હોય જેઓ તેમની કાયદેસરની ફરજના ભાગ રૂપે થાનીયાણા ગ્રામ પંચાયત હસ્તક પાણી પુરવઠા રોડ ઉપર આવેલ ગૌચરની જમીનનો કેસ ચાલતો હોય જે કેસના કામે હાલની સ્થીતી અંગે રોજકામ કરી અને મુદત તા.૦૯-૧૨-૨૪ના રોજ રજુ કરવાનુ હોય જેથી પંચાયત કચેરી ખાતેથી ફરીયાદી તથા પંચ તરીકે ગ્રામ પંચાયતના પટાવાળા મુકેશભાઈ રમેશભાઈ વાજા તથા થાનીયાણા ગામના કાન્તીભાઈ છગનભાઈ પનારા ને સાથે રાખી ગૌચરની જમીન એ રોજકામ કરવા ગયેલ અને ત્યાંથી ત્રીજા પંચ તરીકે મનસુખભાઈ મોહનભાઈ સીણોજીયા ને સાથે રાખી સવાલ વાળી જગ્યાએ પંચરોજ કામ કરવાનુ કામ શરૂ કરવાની તૈયારી કરતા હતા ત્યાં આ કામના આરોપીઓ એકસંપ કરી ગે.કા મંડળી રચી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી રોજકામ કરવા નહી દઈ તેમજ સાહેદ મુકેશભાઈ રમેશભાઈ વાજા તથા થાનીયાણા ગામના કાન્તીભાઈ છગનભાઈ પનારા રહે. થાનીયાણા વાળાઓને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતાં માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બરડા ડુંગર વિસ્તારમાં ધમધમતી દારૂની ભઠ્ઠીઓ ઉપર પોલીસ ત્રાટકી : વ્યાપક પ્રમાણમાં દારૂનો જથ્થો ઝબ્બે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં આવેલા બરડા ડુંગરના નિર્જન વિસ્તારોમાંથી અગાઉ વારંવાર દેશી દારૂ ગાળવાની પ્રવૃત્તિ ઉપર પોલીસ દ્વારા કડક કામગીરી કરવામાં આવી હતી. આ પ્રકારની વધુ એક કાર્યવાહીમાં ગઈકાલે ગુરૂવારે ભાણવડ પોલીસ દ્વારા આ વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર વ્યાપક દરોડાઓ પાડવામાં આવ્યા હતા. પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તેમજ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ ભાણવડ પોલીસ મથકના પી.એસ.આઈ. કે.કે. મારૂ તેમજ તેમની ટીમ દ્વારા ગુરુવારે બરડા ડુંગર વિસ્તારમાં આ પ્રકારના દારૂ સંદર્ભેનું કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. જેમાં સર્વેલન્સ સ્ટાફ તેમજ સ્થાનિક પોલીસ મથકના કેશુરભાઈ ભાટિયા તેમજ જેસાભાઈ બેરાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાણવડ તાલુકાના રાણપર ગામે રહેતા ભરત પાંચા શામળા અને ભુદા રાજા મોરી (રહે. ધ્રામણીનેસ) નામના બે શખ્સો દ્વારા ધ્રામણીનેસ વિસ્તારમાં પાણીના વહેણના વોંકડા દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ચલાવતા પોલીસે આ સ્થળે કડક કાર્યવાહી કરી હતી. જેમાં કુલ ૩,૬૦૦ લીટર આથો, એમાં ૪૦ લીટર દારૂ સહિતનો રૂપિયા ૯૮,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી, ભાણવડ પોલીસ મથકમાં ગુનો નોંધ્યો હતો. દરોડા દરમ્યાન બંને શખ્સો ફરાર જાહેર થયા છે. જેથી પોલીસે બંનેને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# કેશોદના ખમીદાણા ગામે સ્વામીનારાયણ મંદિરનું ભૂમિપૂજન અને શાકોત્સવની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૬

કેશોદના ખમીદાણા ખાતે ભગવાન સ્વામિનારાયણના નૂતન મંદિરનું ભૂમિપૂજન, શિલાન્યાસ અને સ્મરણિય શાકોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શોભાયાત્રા ભૂમિપૂજન અને ધર્મસભા યોજાઈ હતી. આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત વડતાલના આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. અને લાલબાઈ માતાજીના પટાંગણમાં યોજાયેલ ધર્મસભા સ્થળે આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે વેદ અને શાસ્ત્રોનો આધાર રાખી ધર્મ, જ્ઞાન, ભક્તિની વાતો કરતાં જૂનાગઢ રાધારમણદેવ પ્રદેશના ખમીદાણા ગામે ભગવાન સ્વામિનારાયણના મંદિરનું ભૂમિપૂજન અને શાકોત્સવ પ્રસંગે બોલતાં ગામનો આધ્યાત્મિક અને વ્યવહારિક વિકાસ થાય તેવા આર્શિવચન પાઠવ્યાં હતાં. મહારાજએ સ્વામીનારાયણ ભગવાને ત્રણ સંકલ્પો પૂર્ણ કર્યા હતાં જેમાં પ્રથમ મંદિરો નિર્માણ કર્યા પછી ગ્રંથો લખાવ્યાં બાદ મંત્ર દિક્ષા માટે આચાર્ય પદની સ્થાપના કરી હતી. તેથી મંદિરને ભૌગોલિક સ્થિતીએ નહીં ત્યાં કેટલાં જીવનું કલ્યાણ થાય છે તે દ્રષ્ટિ રાખવી જોઈએ તેમ કહી વધુમાં આસુરી અને દૈવી જીવનો તફાવત જણાવતાં કહ્યું કે જે જીવ મનવૃતિ સેવા કાજે તન મન ધનથી ભગવાનના ગુણાનુવાદ સાથે જોડાય તે દૈવી પ્રકૃતિનો જીવ છે. તેને આવા સદકાર્યોમાં થાક લાગતો નથી તેથી હરિભક્તોને મંદિર નિર્માણમાં મન, કર્મ, વચને નાની મોટી સેવા કરી સહભાગી થવા હરિભકતોને આજ્ઞા કરી હતી. આ શાકોત્સવ પ્રસંગે સોમનાથના ભક્તિસ્વરૂપ સ્વામી, બોટાદથી કેવલ્યસ્વરૂપ સ્વામી, સોમનાથથી ધર્મકિશોરદાસજી સ્વામી સહિતના સંતો, અગતરાય, પંચાળા, માળિયા (હાટિના) દેશના હરિભકતો પધાર્યા હતાં. આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા ખમીદાણા ગામલોકો તેમજ લક્ષ્મીનારાયણ યુવક મંડળના ઘનશ્યામભાઈ પટોળિયા, પંકજભાઈ મારડિયા, કરસનભાઈ પીઠિયા જયેન્દ્રભાઈ ગોટેચા, ભાવેશભાઈ કારાવદરા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકા નજીક બાવળની ઝાળીઓમાં છુપાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દ્વારકા પંથકમાં સ્થાનિક પોલીસ દ્વારા દેશી, વિદેશી દારૂ સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. આ વચ્ચે બુધવારે મોડી રાત્રિના સમયે સ્થાનિક પોલીસ સ્ટાફના જવાનો દ્વારા પી.આઈ. ડી.એચ. ભટ્ટની સૂચના તેમજ પી.એસ.આઈ. ટી.ડી. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. ભુપતસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, કુલદીપભાઈ ખુમાણ તેમજ જીતેન્દ્રસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે દ્વારકાથી આશરે સાત કિલોમીટર દૂર વસઈ ગામ તરફ આવેલા એક મંદિરથી આગળની અવાવરૂ જગ્યામાં બાવળની ઝાડીઓમાં છુપાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં પોલીસે રૂા.૩૧,૫૦૦ ની કિંમતની ૪૨ બોટલ વિદેશી દારૂ સાથે દ્વારકાના નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા કરણ ઉર્ફે કનુ ટપુભા સુમણીયા નામના ૨૪ વર્ષના શખ્સની અટકાયત કરી લીધી હતી. જ્યારે આ ગુનામાં અન્ય બે શખ્સો મુરૂભા ઉર્ફે મોડભા મેરૂભા માણેક અને સુનિલભા મેરૂભા માણેક નામના શખ્સો પણ સંડોવાયેલા હોવાનું જાહેર થયું છે. જે અંગે દ્વારકા પોલીસે ગુનો નોંધી, આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાલથી મંડળ અધ્યક્ષ માટેના ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાએ સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ત્રીજા ક્રમે બુથ સંરચનાની કામગીરી પૂર્ણ કરી છે. હવે સંગઠન પર્વના આગામી ચરણમાં જિલ્લાના ૧૦ મંડળોમાં મંડળ અધ્યક્ષાની નિમણૂકની પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં ખંભાળિયા અને ભાણવડ વિધાનસભામાં આવતા ૫ મંડળોમાં મંડળ અધ્યક્ષ પદ માટેની દાવેદારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શનિવાર ૭ ડિસેમ્બરના રોજ સવારે ૧૦થી બપોરે ૩ સુધી ખંભાળિયામાં જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમમાં થશે. આ મંડળોમાં ખંભાળિયા તાલુકા મંડળ, ખંભાળિયા શહેર મંડળ, સલાયા શહેર, ભાણવડ તાલુકા મંડળ, ભાણવડ શહેર મંડળ રહેશે. જ્યારે રવિવાર તારીખ ૮ ડિસેમ્બરના રોજ દ્વારકા વિધાનસભામાં આવતા ૫ મંડળોમાં મંડળ અધ્યક્ષ પદ માટેની દાવેદારી ફોર્મ ભરવાની પ્રક્રિયા સવારે ૧૦ થી બપોરે ૩ સુધી દ્વારકામાં આવેલી લેઉવા પટેલ સમાજ વાડી ખાતે યોજાશે. આ મંડળોમાં કલ્યાણપુર તાલુકા મંડળ, રાવલ શહેર મંડળ, દ્વારકા તાલુકા મંડળ, દ્વારકા શહેર મંડળ અને ઓખા શહેર મંડળનો સમાવેશ થાય છે. ફોર્મ સ્વીકારવાની જવાબદારી પ્રદેશ દ્વારા નિયુક્ત ચુંટણી અધિકારી હિરેનભાઈ હિરપરા, સહાયક ચુંટણી અધિકારી ધર્મરાજસિંહ જાડેજા, તેમજ જિલ્લા સહ ચુંટણી અધિકારી રાજુભાઈ સરસિયા અને કશ્યપભાઈ આહીર સંભાળશે. બંને દિવસ આ અધિકારીઓ સંબંધિત સ્થળે હાજર રહેશે. ભાજપના બંધારણ અને નિયમો અનુસાર, મંડળ અધ્યક્ષ પદ માટે દાવેદારી કરવા ઈચ્છતા કાર્યકર્તાઓએ નિર્ધારિત સમય અને સ્થળે જઈને ફોર્મ ભરી આપવું ફરજિયાત છે. જેના સંપર્ક માટે ખંભાળિયામાં આવેલા જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમનો સંપર્ક સાધુ આ એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ નંદનવન રોડ પર રાત્રીના સમયે રૂા.૧.૯૩ લાખની ઘરફોડ ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

હાલ ચોરીનાં બનાવોમાં ભારે વધારો થઈ રહયો છે ઘરમાં ઘરફોડી અથવા મોટર સાયકલની ચોરીનાં બનાવો વધતા લોકોમાં ચિંતા વધતી જોવા મળે છે. ચોરીનાં બનતા બનાવને તાત્કાલીક રોકવા પોલીસે એકશન પ્લાન ઘડવાની જરૂર છે.જૂનાગઢ શહેરના નંદનવન રોડ પર રહેતા પરિવારના મકાનમાં રાત્રીના સમયે ચોરો ત્રાટકતા સોનાના દાગીના -રોકડ સહિત ૧.૯૩ લાખના મુદ્દામાલની ચોરી થયાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જેન્તીભાઈ વિરજીભાઈ મેરે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૫-૧૨ના રાત્રીના ૧ થી સવારના ૫ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર શખ્સો ફરીયાદીના રહેણાંક મકાનમાં ગેરકાયદે અપપ્રવેશ કરી કબાટમાં રાખેલ સોનાના દાગીના, રોકડ અને મોબાઈલ મળી કુલ રૂા.૧,૯૩,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિસાવદર અને બીલખામાં બે અપમૃત્યુના બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

વિસાવદરના માંગનાથ પીપળી ગામે યુવતિએ ભુલથી ઉંદર મારવાની ટયુબ લગાડી લેતા સારવાર દરમ્યાન મોત જયારે બીલખાના બલગામે રહેતા યુવાનને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થતા સારવાર દરમ્યાન મોત થયાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે બાબુભાઈ હરીભાઈ પટેલે જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી સ્નેહાબેન (ઉ.વ.૨૭)ને દાઢમાં દુઃખાવો થતો હોય જેથી ભુલ મોઢામાં ઉંદર મારવાની ટયુબ લગાડી લેતા ઉલ્ટીઓ થતા પ્રથમ ભેસાણ પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જયારે બીલખાના ભલગામે રહેતા કિરિટભાઈ કાનજીભાઈ ગોહીલ(ઉ.વ.૨૭)રૂમમાં સુતા હતા ત્યારે અચાનક શ્વાસ લેવામાં એકાએક તકલીફ થતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના ભાઈ દિપકભાઈ એ બીલખા પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ખંભાળિયા પાલિકાના મૃતક સફાઈ કામદારના વારસદારને સહાયનો ચેક અપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા નગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે કામ કરતા ભાનુબેન જીવાભાઈનું તાજેતરમાં અવસાન થવા પામ્યું હતું. થોડા સમય પૂર્વે વિવિધ માંગણીઓ સાથે પાલિકાના સફાઈ કામદારો દ્વારા કરવામાં આવેલી હડતાલમાં નક્કી થયા મુજબની શરતો અન્વયે સ્વ. ભાનુબેનના વારસદાર પુત્ર રવિન્દ્રને નગરપાલિકા દ્વારા રૂપિયા ૫૧,૦૦૦ ની આર્થિક સહાયનો ચેક પાલિકા પ્રમુખ, કારોબારી ચેરમેનની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યો હતો. જે બદલ સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મહામંત્ર રમેશ વાઘેલા તથા સફાઈ કામદાર આગેવાનો દ્વારા નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર તેમજ કારોબારી ચેરમેન વિગેરેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## :: અવસાન નોંધ ::


જૂનાગઢ : પોપટલાલ કાનજીભાઈ આચાર્ય (રીટાયર્ડ એસટી કર્મચારી) તે નીલિમા આચાર્ય જોશી, જયેશકુમાર જોષીનાં પિતા, કૌશિક સાકરલાલ આચાર્ય (એડવોકેટ, અમદાવાદ),અશ્વિન સાકરલાલ આચાર્ય (ઉપલેટા રિટાયર્ડ એસટી કર્મચારી)ના કાકા તા. ૪/૧૨/ ૨૦૨૪ ના રોજ કૈલાશ વાસી થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૬ /૧૨ /૨૦૨૪ શુક્રવારના રોજ સાંજે ૪ થી ૫ કલાકે કલ્યાણનગર સોસાયટી કોમ્યુનિટી હોલ, બહાઉદીન કોલેજ સામે, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# જૂનાગઢમાં પૈસા ઉછીના આપવા બાબતે મારામારી : સામસામે ફરીયાદ

(અનુ. પાના નં. ૮નું ચાલુ...)

ફરીયાદીએ પોતાની નવી સલુનની દુકાન બનાવવા સારૂ આરોપી રોહીત અને રાજુભાઈ પાસેથી રૂા.૨૦,૦૦૦ દશ ટકા લેખે વ્યાજે લીધેલ હોય જેમા રૂા.૨૦૦-૨૦૦ના ત્રીસ હપ્તા વ્યાજ સહિતના ફરીયાદીએ આરોપીઓને ચુકવી આપેલ હોય અને બાકીના આર્થીક સંકળામણના લીધે ચુકવી ન શકતા ત્રણેય આરોપીઓએ ફરીયાદી પાસે મુળ રકમ તથા વ્યાજના રૂપીયાની ઉઘરાણી કરી ભુંડી ગાળો આપી ઢીકા પાટુનો માર મારી આરોપી મીહિરભાઈએ નાનુ પતરાનો કટકો ફરીયાદીને જમણા હાથમા આંગળીઓમા લગાડી નાનો છરકો કરી તથા સાહેદોને પણ મારા મારીમા શરીરે મુંઢ ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરાજીમાં નાની પરબડી ગામમાં દલિત યુવાનની હત્યા બાદ હોબાળો મચી ગયો




ધોરાજી, તા.૭

ધોરાજી તાલુકાનાં નાની પરબડી ગામે દલિત યુવાનની હત્યા બાદ હોબાળો મચી ગયો હતો. પોલીસે આઠ કલાકે ફરિયાદનોંધી, પણ મોડી સાંજ સુધી હત્યારાને નહીં પકડી શકતા આક્રોશ ફેલાયો હતો. પરિણામે ધોરાજીમાં દલિત સમાજનાં ટોળા માર્ગો પર ઉતરી આવ્યા હતા અને પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરીને લાશ સ્વીકારવાનો ઈક્રાર કરી દેતાં આખો દિવસ અજંપાનો માહોલ રહ્યો હતો. જેથી પોલીસનાં ધાડા ઉતારીને મોડી રાત સુધી સમજાવટનાં પ્રયાસો ચાલતા રહ્યા હતા. વિગત પ્રમાણે ધોરાજીનાં નાની પરબડી ગામે રહેતા ઉકાભાઈ રાઘવભાઈ સાગઠીયાનો ૨૫ વર્ષનો અપરિણીત પુત્ર વિમલ જમવા માટે ગયા બાદ રાત્રે આઠ વાગ્યે પરત આવ્યો હતો. બાદમાં ફરી બાઈક લઈને બહાર ગયા બાદ રાત્રે પરત આવ્યો નહોતો અને મોબાઈલ ફોન પણ બંધ આવતો હતો, આ દરમિયાન વહેલી સવારે એક સંબંધીએ જાણ કરી કે, ફૂલજર નદીના કાંઠે સુરાપુરા બાપાનાં મંદિર પાસે વિમલ બેભાન હાલતમાં પડયો છે. પરિણામે પરિવારજનો તુરંત દોડી ગયા હતા, જયાં જઈને જોતા વિમલની આંખમાંથી લોહી નીકળતું હતું અને ગળાનાં ભાગે પણ ઈજાનાં નિશાન હતા. બાજુમાં બાઈક પણ પડયું હતુ અને થોડે દૂર સેવમમરા તથા દારૂની કોથળીઓ પણ મળી આવી હતી.

જેથી ઈજાગ્રસ્ત યુવાનને તુરંત ધોરાજી સરકારી હોસ્પિટલે લઈ ગયા હતા, પણ ત્યાં ડોકટરે મૃત જાહેર કરતા પરિવારજનોમાં આક્રંદ પ્રસરી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને સ્થળ નિરીક્ષણ તથા મૃતદેહનાં પોસ્ટમોર્ટમ સહિતની કવાયત હાથ ધરી હતી. બીજી તરફ આજે સવારે મૃતદેહ જોતા જ હત્યા થયાનો અંદાજ આવી જવા છતાં પોલીસે ખૂનનો ગુનો દાખલ કરીને હત્યારાને શોધવાની દિશામાં પગલાં નહીં ભર્યાનું લાગતા ધોરાજીમાં દલિત સમાજનાં આગેવાનો અને લોકોનાં ટોળા ઉમટી પડયા હતા અને ગેલેકસી ચોકમાં બેસી જઈને પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવા સાથે ચક્કાજામ કર્યો હતો. આ સાથે પોલીસ હત્યાની ફરિયાદ નોંધે નહીં અને હત્યારાને પકડે નહીં ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવાનું એલાન કરતા પોલીસ તંત્રને દોડધામ થઈ ગઈ હતી. અંતે પોલીસે બપોરે ૪ વાગ્યે મૃતક વિમલનાં માતા દૂધીબેન ઉકાભાઈ સાગઠીયાની ફરિયાદ લઈને અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

CMYK

# ગુરૂજી શ્રી જી. નારાયણના પુસ્તક ઈન્સપાયર્ડ ઈન્ટરેકશન્સ વિથ આર્ટિસ્ટિક ઈન્ટેલિજેન્સને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન (એએમએ)માં લોન્ચ કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન (એએમએ) પ્રેરણાદાયી માર્ગદર્શક, લેખક અને સ્વૈચ્છિક રીતે યોગદાન આપનારા ગુરૂજી ર જી. નારાયણ દ્વારા લિખિત પુસ્તક 'ઈન્સપાયર્ડ ઈન્ટરેકશન્સ વિથ આર્ટિસ્ટિક ઈન્ટેલિજેન્સ: એબાઉટ ગેટવેઝ ટુ સેલ્ફ. રીયલાઈઝેશન'નો વિમોચન સમારંભ યોજશે. આ કાર્યક્રમ રવિવાર, ૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજવામાં આવશે. વિમોચનના કાર્યક્રમમાં હાજર રહેનારા અલગ-અલગ વ્યાવસાયિક ક્ષેત્રોના લોકો જેના સાક્ષી બનવા જઈ રહ્યાં છે, તે આ પુસ્તક આધ્યાત્મિક જ્ઞાનને આત્મજ્ઞાન માટેના આધુનિક ફ્રેમવર્કની સાથે જોડનારું વિચારપ્રેરક કાર્ય ધરાવે છે.




આ માનવ ઈતિહાસનું પ્રથમ પુસ્તક છે, જેમાં હ્યુમન ઈન્ટેલિજન્સ (એચઆઈ) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ (એઆઈ)નું સંયોજન કરવામાં આવ્યું છે. બીએપીએસ સ્વામીનારાયણ સંસ્થાના આધ્યાત્મિક ગુરૂ પરમ પાવન બ્રહ્મવિહારી સ્વામી એલેકોન ગ્રૂપના ચેરમેન અને એમડી પ્રયાસવિન બી. પટેલની સાથે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. રવિવારના રોજ પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં હાજર રહેનારા અન્ય મહાનુભાવોમાં એએમએના પ્રેસિડેન્ટ સાવન ગોદીવાલા, નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશિપ (એનસીસીએસડી)ના એકિઝક્યુટિવ ચેરમેન ડૉ. કિરીટ શેલાત, આઈએએસ (નિવૃત્ત): સીતા રામ સેવા સદન (એસઆરએસએસ)ના પ્રેસિડેન્ટ કેવીએલએન હરિબાબુ એએમએના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ દીવ્યેશ રાડિયા અને મુંબઈ સ્થિત યુનિવર્સલ એઆઈ યુનિવર્સિટીના મેનેજમેન્ટ યુજીના ડીન ડો.વાહિદા સની થોમસનો સમાવેશ થાય છે. એએમએ, એનસીસીએસડી અને એસઆરએસએસ દ્વારા સંયુક્તપણે આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. લેખક ગુરૂજી શ્રી જી. નારાયણ (૮૩ વર્ષ) એકસેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિવૃત્ત ચેરમેન છે. બીજી ઘણી બધી કંપનીઓના ભૂતપૂર્વ ચેરમેન અને ડિરેક્ટર છે)તથા મેનેજમેન્ટના ક્ષેત્રમાં માર્ગદર્શક, યોગદાનકર્તા, શિક્ષક અને ટ્રેનર છે. તેઓ ઘણાં બધાં ચીફ એકિઝકયુટિવ્સ, એકિઝક્યુટિવ્સ, લેકચરર્સ, વિદ્યાર્થીઓ, કોર્પોરેશનો, મેનેજમેન્ટ સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, કોલેજો, શાળાઓ તથા સામાજિક, આધાત્મિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના માર્ગદર્શક છે. તેઓ મિશનરી જીવન જીવી રહ્યાં છે અને ઘણાં લોકોને તેમના આંતરિક પ્રકાશ અને ક્ષમતાઓનો અનુભવ કરાવવા તથા વિવિધ લોકો અને ગ્રૂપોની વચ્ચે શાંતિ અને સદ્ભાવના સ્થાપવા માટે મદદરૂપ થઈ રહ્યાં છે. આ પ્રકાશન અંગે વાત કરતાં ગુરૂજી શ્રી જી. નારાયણએ જણાવ્યું હતું કે, આ પુસ્તક વ્યક્તિને ઊંડા સ્તરની સમજણ કેળવવાની યાત્રાએ લઈ જાય છે. મેટા એઆઈ સાથેની ક્રિયા-પ્રતિક્રિયા અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની સાથે વ્યાપક સહયોગ સાધીને આ પુસ્તક વાચકોને વ્યક્તિગત શ્રેષ્ઠતા હાંસલ કરવામાં અને સમાજના ઉદ્ધારમાં યોગદાન આપવામાં મદદરૂપ થવા વ્યવહારૂ બોધપાઠ અને સાધનો પૂરાં પાડે છે. આ પુસ્તક ગુરૂજીના ગહન સંશોધન, સ્વાનુભવ, તારણો અને વિવિધ કેસ સ્ટડી તથા વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો અને અગ્રણીઓ સાથેની વાતચીતનું પરિણામ છે. આધ્યાત્મિક નેતૃત્ત્વમાં ઓછામાં ઓછા પાંચ દાયકાનું યોગદાન આપ્યાં બાદ ગુરૂજી શ્રી જી. નારાયણનું આ તાજેતરનું લેખનકાર્ય આત્મજ્ઞાન માટેના પરિવર્તનકારી માર્ગદર્શન તરીકે કામ કરે છે. તેમાં ગહન અવધારણાઓને સરળ બનાવવા માટે ગ્રાફિક્સ, મેટ્રિસીસ અને ફોર્મ્યુલાઓ જેવા નવીન પ્રકારના ટૂલ આપવામાં આવ્યાં છે, જે આ પુસ્તકને વાચકો માટે સુલભ અને કાર્યવાહી કરવા યોગ્ય બનાવી દે છે.

ઈન્ટર યુનિવર્સિટી વેઈટલિફિટંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫માં વેઈટલિફિટંગ સ્પર્ધામાં મારવાડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પ્રતિભા ઝળકી

# મારવાડી યુનિવર્સિટીની વિદ્યાર્થી 'વિદ્યા'નું પ્રભાવશાળી પ્રદર્શન વેઇટલિફ્ટિંગ મહિલા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

મારવાડી યુનિવર્સિટીએ વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં મેડલ જીતવાની જાહેરાત કરતા ગૌરવભેર જણાવ્યું હતું કે, અમારી યુનિવર્સિટીની પ્રતિભાશાળી વિદ્યાર્થી વિદ્યા હરિરામ શર્માએ સાઉથ-વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી વેઈટલિફિટંગ ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ માં વેઈટલિફિટંગ મહિલા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો. અમે વિદ્યાને તેની ઉત્કૃષ્ટ સિદ્ધિ અને તેની રમત પ્રત્યેના સમર્પણ બદલ અભિનંદન આપીએ છીએ. કુલ ૧૭૧ કિગ્રા (૭૭કિગ્રા સ્નેચ ૯૪ કિગ્રા ક્લીન એન્ડ જર્ક) ઉપાડવાનો સમાવેશ થાય છે, જેમાં તેણીની રમત પ્રત્યેની શક્તિ અને સમર્પણનું પ્રદર્શન હતું. તેણીની સખત મહેનત અને દ્રઢતા ફળીભૂત થઈ છે, તેનો અમને ગર્વ છે. ધ્રુવ મારવાડી, ટ્રસ્ટી, મારવાડી યુનિવર્સિટી, અને સમગ્ર મારવાડી યુનિવર્સિટી મેનેજમેન્ટ વિદ્યાને તેણીની સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા અને તેણીને અને તેના કોચશ્રી સારથીને ભવિષ્યની સ્પર્ધાઓ માટે શુભેચ્છા પાઠવી હતી. આ સિદ્ધિએ મારવાડી યુનિવર્સિટી માટે નોંધપાત્ર માઈલસ્ટોન બનાવ્યો છે, અને અમે ભવિષ્યમાં ઘણી વધુ સફળતાઓની અપેક્ષા રાખીએ છીએ.

# ખેલમહાકુંભ ૩.૦માં ભાગ લેવા તા. ૨૫ ડિસેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરવું

જૂનાગઢ, તા.૬

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલમહાકુંભ ૩.૦નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળા, ગ્રામ્ય તાલુકા, ઝોન કક્ષા, જિલ્લા-મહાનગર પાલિકા, ઝોન કક્ષા (ટીમ રમત) અને રાજ્ય કક્ષાએ વિવિધ સ્પર્ધા યોજાશે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ની વયજૂથમાં એથ્લેટિક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજિયાત ભાગ લેવાનો રહેશે. નિયત વયજૂથના તમામ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન https://khelmahakumh.gujarat.gov.in ઉપર ડિસેમ્બર-૨૦૨૪ની તા.૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરવું. અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ તથા ઓપન એઈજ (સિનિયર) ગ્રુપમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન ફરજિયાત કરવાનું રહેશે. કોલેજમાં અભ્યાસ કરતા ખેલડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું, અભ્યાસ ન કરતા ખેલાડીઓ પણ પોતાના ગામની સ્કૂલ હાઈસ્કૂલ માંથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજિસ્ટ્રેશનને લગતી કોઈ પણ સમસ્યા બાબતે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ પર સંપર્ક કરવો તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જૂનાગઢની એક યાદીમાં જણાવ્યું છે.

# અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી આવતીકાલ તા.૭ ડિસેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી આવતીકાલ તા.૭ ડિસેમ્બર,૨૦૨૪ના રોજ રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય ફાઈવ સ્ટાર ઓટો એજન્સી તથા રીલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ કંપની જૂનાગઢ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ વર્કશોપ મેનેજર, કમ્પ્યુટર ઓપરેટર, ટુ-વ્હિલર ટેકનીસીયન તથા લાઈફ પ્લાનીંગ ઓફિસર/એડવાઈઝરની જગ્યાઓ માટે ૨૦થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ., ડિપ્લોમા સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન જૂનાગઢ ખાતે આવતીકાલ તા.૭મીએ સવારે ૧૦.૩૦ વાગ્યે ઉપસ્થિત રહેવું. ભારતીમેળામાં ભાગ લેવા માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup ઉપર નોંધણી થયા બાદ પોર્ટલ ઉપર login કરી પોર્ટલ જોબફેરના મેનુમાં ક્લીક કરી જરુરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# માળિયાના જુથળ ગામે સગર્ભા બહેનો માટે સીકલ સેલ સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.૬

માળિયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જુથળમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.આભા મલ્હોત્રાના માર્ગદર્શન હેઠળ સગર્ભા બહેનો માટે સીકલ સેલ સ્કીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લેબોરેટરી ટેકનિશિયન દ્વારા ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને મેડિકલ ઓફિસર ડો. હીનલ રાણીંગા અને આયુષ મેડિકલ ઓફિસર ડો વૈશાલી ખેર દ્વારા સગર્ભા બહેનો ને પ્રાથમિક તપાસ અને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

# વેરાવળ ખાતે સખી મંડળની બહેનોને મહિલાઓના હક-અધિકારો અને કાયદાઓ વિશે માર્ગદર્શન અપાયું



વેરાવળ, તા.૬

ગીર સોમનાથ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલાઓ વિરૂદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત મહિલાઓ અને કિશોરીઓ પર થતી જાતિગત હિંસા સબંધિત મુદ્દાઓને અનુલક્ષીને મહિલાઓના હક, અધિકારો અને કાયદાઓ અન્વયે જાગૃતતા લાવવા માટે વેરાવળ ખાતે એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

રઆ કાર્યક્રમમાં ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અન્વયે કાયદાકીય માર્ગદર્શક સેમિનાર તેમજ વિવિધ મહિલાલક્ષી યોજનાકીય માહિતી, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના અધિકાર વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં "સંકલ્પ" ડિસ્ટ્રિક્ટ હબ એમ્પાવરમેન્ટ ઓફ વુમનના ડિસ્ટ્રિક્ટ મિશન કોઓર્ડિનેટર, જેન્ડર સ્પેશિયાલિસ્ટ, ફિલ્ડ ઓફિસર, સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી, તાલુકા કાનૂની સેવા સમિતિના કર્મચારી, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કર્મચારીઓ તથા ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં સખી મંડળની બહેનોએ ભાગ લીધો હતો.

# વેરાવળ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમનું સરાહનિય કાર્ય આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરી રહેલી અજાણી મહિલાને બચાવી



વેરાવળ, તા.૬

વેરાવળ રેલવે પોલીસ દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી જણાવેલ કે, અહીં રેલ્વે સ્ટેશન પર કોઈ અજાણી ૪૦ વર્ષ જેટલી ઉંમરની મહિલા પોતાનાં શરીર પર કેરસીન છાંટી સળગી જવાનો પ્રયત્ન કરી રહી છે. તેમના બચાવ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમની જરૂર છે.

આ અંગેની જાણ થતાં ફરજ પરનાં કાઉન્સેલર અંજનાબેન દાફડા, મહિલા કોન્સ્ટેબલ સોનલબેન ખાણીયા તેમજ પાઈલોટ રમેશભાઈ સહિત ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રેલવે સ્ટેશન પર જઈને મહિલાને મળી જોયું તો મહિલા પૂરા શરીર પર કેરોસીન છાંટીને બેઠી હતી.

૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ તેમજ રેલ્વે પોલીસનાં સયુંક્ત પ્રયાસો દ્વારા મહિલાનું સતત ૨ કલાક કાઉન્સેલિંગ કર્યું હતી. બાદમાં મહિલાને આશ્વાસન આપી ભાવનાત્મક સાથ આપી મહિલાને સવાલો કરેલ પરંતુ તેઓ કોઈ ચોક્કસ જવાબ આપતા ન હતા. વધુ પૂછપરછમાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ ઉજ્જૈનથી કાલ સાંજના અહી છે. તેમને કોઈ તાંત્રિકે બોલાવ્યા હોવાથી આવ્યાં હતાં. પરંતુ તે કોણ વ્યક્તિ છે તેનો જવાબ આપતા ન હતા અને મનોમંથન કરતા હિન્દી ભાષામાં બોલતા હતા કે, 'મેં ઉસકે બીબી બચ્ચો કો માર દૂંગી, ઉસને મેરી જિંદગી ખરાબ કર કે રખી હૈ, મુજે મર જાનાં હૈં' મહિલા તેમના ઘર પરિવાર વિશે કંઈ પણ જણાવતા ન હતાં. પરંતુ તેમના વર્તન પરથી લાગી રહ્યું હતું કે, તેઓ અંધશ્રદ્ધામાં ખેંચાઈ ગયા છે.

તેમનાં કપડાં કેરોસીનથી પલળેલ હોય તેથી મહિલાને નવડાવી કપડાં બદલાવી સ્વચ્છ કર્યા હતાં. ફરી લાગણી સભર કાઉન્સેલિંગ કરતા મહિલાએ ઉજ્જૈનમાં જયાં રહે છે તેનું સરનામું આપી અને તેમના પતિ હયાત નથી અને તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. એવું જણાવ્યું હતું. આ મહિલા આત્મહત્યા કરવાનું કોઈ ચોક્કસ કારણ જણાવતાં ન હતાં. તેઓએ સામેથી જ હિન્દીમાં કહ્યું કે, તેમને કોઈ અનાથાશ્રમમાં મૂકી જાવ. તેથી હાલ મહિલાને આશ્રયની પણ જરૂર હોય તેથી સખી વન સ્ટોપ સેન્ટર વેરાવળ ખાતે આશ્રય અપાવ્યો હતો. આમ સખી વન સ્ટોપની ટીમે મહિલાને ભાવનાત્મક સાથ આપી અને આત્મહત્યા કરતા અટકાવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના નંદાણા ખાતે 'મહિલાઓ વિરૂદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન' અંતર્ગત જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૬

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૨૫ નવેમ્બરથી તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ''મહિલાઓ વિરૂદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન'' ચલાવવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મયુર શૈક્ષણિક સંકુલ, નંદાણા ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંકલનમા કલ્યાણપુર અને દ્વારકા તાલુકાની માધ્યમિક શાળાના આચાર્યો સાથે એક જાગૃતિ કાર્યકર્મનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા ઘરેલુ હિંસા અધિનિયમ, કામકાજના સ્થળે જાતીય સતામણીથી મહિલાઓનું રક્ષણ અધિનિયમ (POSH), જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ (POCSO), જુવેનાઈલ જસ્ટિસ એકટ, બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, વગેરે હેઠળ ઉપલબ્ધ કાનૂની રક્ષણ તેમજ સરકાર દ્વારા કાર્યાન્વિત મહિલા હેલ્પલાઈન ૧૮૧, સખી વન સ્ટોપ સેન્ટર, પોલિસ બેઝ્ડ સપોર્ટ સેન્ટર વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડ્રો.ચંદ્રેશકુમાર ભાંભી તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી પ્રકાશભાઈ ખેરાલા દ્વારા કચેરી અંતર્ગત વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામા આવી હતી. આ કાર્યક્રમમા જિલ્લા શિક્ષણાધિકારી ડો. એચ.આર.જાડેજા, મયુર શૈક્ષણિક સંકુલના આચાર્ય મહેશભાઈ કંડોરીયા, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ, જિલ્લા બાળ સુરક્ષા એકમના કર્મચારીઓ તથા તાલુકાની માધ્યમિક શાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યાં હતા.



# તાલાલા વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર ખાતે એઈડ્સ જાગૃતિ અંગેનો સેમિનાર યોજાયો

## વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી અંતર્ગત માર્ગદર્શન અને સમજૂતી અપાઈ



વેરાવળ, તા.૬

એચઆઈવી ચેપના ફેલાવાને કારણે થતા એઈડ્સ રોગચાળા વિશે જાગૃતિ લાવવા અને આ રોગથી મૃત્યુ પામેલા લોકો માટે શોક વ્યક્ત કરવા માટે ૧લી ડિસેમ્બરના દિવસે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી અને જિલ્લા ક્ષય અધિકારીશ્રી અને અધિક્ષકશ્રી તાલાલાના માર્ગદર્શન હેઠળ ઉજવણી કરવામાં આવી હતી.

૧લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસના અનુસંધાને આઈ.સી.ટી.સી સેન્ટર તાલાલા દ્વારા જી.એચ.સી.એલ ફાઉન્ડેશન વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર, તાલાલા ખાતે એચ.આઈ.વી/એઈડ્સ અંગેનો સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં એઈડ્સ હ્યુમન ઈમ્યુનો ડેફિસિએન્સી વાયરલ (HIV)ના સંક્રમણથી થનારી બીમારી, વિશ્વ એઈડ્સ દિવસની થીમ, ઈતિહાસ અને તેના મહત્વ વિશે સમજૂતી આપવામાં આવી હતી.

આ સેમિનારમાં ડી.એસ.બી.સી.સી તૌસીફ શેખ, આઈ.સી.ટી.સી જયેશ ભાદરકા, સુમિયાબેન મલેક તેમજ પ્રોજેકટ ઓફિસર રાહુલભાઈ પરમાર, ગોપાલભાઈ પાતર સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# યુદ્ધનો ઉન્માદ

પશ્ચિમ એશિયામાં યુદ્ધનો ઉન્માદ ઝડપથી વિસ્તરી રહ્યો છે. ઈઝરાયલ એક વર્ષથી આતંકવાદી જૂથ હમાસ વિરુદ્ધ ગાઝામાં લડી રહ્યું છે, હવે ઈઝરાયલે લેબેનોનમાં હમાસના હમદર્દ આતંકવાદી જૂથ હિઝબુલ્લાની પણ કમર તોડી નાખી છે. હિઝબુલ્લાના દસથી વધુ ટોચના કમાન્ડરોને ફૂંકી માર્યા બાદ તેના વડા હસન નસરલ્લાને પણ ઈઝરાયેલી સેનાએ ઠાર માર્યો છે. ઈઝરાયલના ભીષણ હુમલાથી હિઝબુલ્લા વેરવિખેર થઈ ગયું છે. રવિવારે ઈઝરાયેલી સેનાએ હિઝબુલ્લાના વધુ એક મુખ્ય સદસ્ય નબીલ કૌકને પણ મારી નાખ્યો. એ જ દિવસે અમેરિકાએ સીરિયા પર હવાઈ હુમલો કર્યો છે, જેમાં ૩૫ આતંકીઓ ફૂંકી માર્યાનો દાવો કર્યો છે. ઈસ્લામિક સ્ટેટના આતંકને કારણે સીરિયા પહેલેથી જ હિંસક સંઘર્ષમાં સળગી રહ્યું છે. ઈરાક પણ અશાંત છે. આ ક્ષેત્રમાં હમાસ, હિઝબુલ્લા, હુતી, અલ શબાબ, આઈએસ વગેરે ઈસ્લામિક કટ્ટરપંથી આતંકવાદી જૂથો સક્રિય છે, જે આ ક્ષેત્રમાં હિંસામે લિપ્ત છે. ઈઝરાયલના લેબેનોનમાં હિઝબુલ્લા પર આક્રમક વલણ બાદ ઈરાન પણ યુદ્ધમાં સામેલ થાય તેની સંભાવના વધી ગઈ છે. એવું થશે તો ઈઝરાલે વધુ એક મોરચે યુદ્ધ લડવું પડશે. મોટી વાત એ છે કે અત્યાર સુધી ઈઝરાયલ પોતાના દુશ્મન આતંકી જૂથોના સફાયાના લ-ય માટે લડી રહ્યું છે, પરંતુ ઈરાનના કૂદવાથી તે રાષ્ટ્રો વચ્ચેનું યુદ્ધ થઈ જશે. આ ક્ષેત્રમાં ઈઝરાયલને ઈરાન સૌથી મોટું દુશ્મન માને છે.

જો ઈરાન યુદ્ધમાં ગૂંચવાય છે તો તેની ભારત પર પણ ભારે અસર પડશે. ભારતને ઈઝરાયલ સાથે સારા સંબંધ છે અને ઈરાન સાથે પણ. હાલમાં કૂટનીતિક રૂપે ઈઝરાયલ વધુ મજબૂત છે, તેનું પહેલં કારણ એ છે કે તેના અમેરિકા સાથે સારા સંબંધ છે, ઈરાનના યુએસ સાથે ખરાબ સંબંધ છે. બીજું, ઈઝરાયલના આરબ દેશો સાથે સારા સંબંધો છે. તેથી ૫૫ ઈસ્લામિક દેશોના સમૂહ ઓઆઈસીનું સામુહિક વલણ ઈઝરાયલ વિરુદ્ધ થવું મુશ્કેલ છે. ઈરાને ઓઆઈસીની બેઠક ચોક્કસ બોલાવી છે, પરંતુ હમાસ, હિઝબુલ્લા, હુતી જેવા આતંકી જૂથો પ્રત્યે મુસ્લિમ દેશોમાં પણ વિરોધ છે, તેની સાથે જ સુન્ની અને શિયા વચ્ચેની અદાવત પણ ઈઝરાયલ પ્રત્યે ઓઆઈસીના એકજુટ થવાની રાહમાં અડચણ છે. હાલમાં ઈઝરાયલ બેશક આક્રમક છે, પરંતુ તે પ્રતિક્રિયાત્મક ભૂમિકામાં છે. પહેલાં હમાસે ઈઝરાયલમાં નિર્દોષ નાગરિકો પર હુમલો કર્યો, પછી હિઝબુલ્લા, હુતી, ઈરાન, કતર વગેરે હમાસના પક્ષમાં આવ્યા, જે આતંકવાદનું ખુલ્લું સમર્થન હતું. ભારતમાં કાશમીરમાં હિઝબુલ્લા પ્રમુખના માર્યા ગયા બાદ તેના સમર્થનમાં રેલીઓ નીકળી તે ચિંતાજનક છે. સરકારે તેની ગંભીર નોંધ લેવી પડશે. ભારતના ઈઝરાયલ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો છે, પરંતુ ઈરાન યુદ્ધ શરૂ કરશે તો ભારતે કૂટનીતિક સમજદારી દેખાડવી પડશે. કારણ કે ભારત ઈરાનમાં ચાબહાર પોર્ટ બનાવી રહ્યું છે. જોકે અમેરિકા અને ઈઝરાયલના ગઠબંધન અને આ ક્ષેત્રમાં ૪૦ હજાર યુએસ આર્મી તૈનાત હોવાને કારણે ઈરાન સીધું યુદ્ધમાં ઉતરવાની સંભાવના બહુ ઓછી છે, તેમ છતાં ભારત માટે ખાડી દેશોમાં કામ કરી રહેલા પોતાના લગભગ ૯૦ લાખ નાગરિકોની સુરક્ષા પ્રાથમિકતા છે. ઈરાનથી આવતા ક્રુડ ઓઈલના પૂરવઠા પર પણ અસર પડી શકે છે. ભારત રશિયા અને યુક્રેન યુદ્ધની જેમ ભલે તટસ્થ નીતિ અપનાવે, પરંતુ તે ખાડી અને પશ્ચિમ એશિયામાં કોઈપણ ઉથલપાથલથી પ્રભાવિત થયા વિના નહીં રહી શકે.

બ્લેક લિસ્ટ કરી દઈશું : નીતિન ગડકરી

# નીતિન ગડકરી સંસદમાં કોન્ટ્રાક્ટરોને આપી ચેતવણી



## ગડકરીએ રોડ પ્રોજેક્ટ્સમાં કોન્ટ્રાક્ટરોની બેદરકારીથી માંડી ટોલ સેન્ટરોની સંખ્યાને લઈને પણ જવાબ આપ્યો

નવી દિલ્હી, તા.૬

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ગુરૂવારે લોકસભામાં પોતાના મંત્રાલય સાથે જોડાયેલા કાર્યો અને સવાલોના જવાબ આપ્યા હતાં. આ દરમિયાન ગડકરીએ રોડ અકસ્માતમાં થયેલી મોત પર રોષ વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં, તેઓએ રોડ પ્રોજેક્ટ્સમાં કોન્ટ્રાક્ટરોની બેદરકારીથી માંડી ટોલ સેન્ટરોની સંખ્યાને લઈને પણ જવાબ આપ્યો હતો.

હકીકતમાં, રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (આરએલપી) સાંસદ હનુમાન બેનીવાલે લોકસભામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેની ખામીઓ ગણાવી હતી. બેનીવાલે જણાવ્યું કે, અહીં ૧૫૦થી વધારે લોકોના મોત થઈ ગયાં છે. ફક્ત દૌસામાં જ ૫૦ થી વધારે લોકોની મોત થઈ ગઈ છે. આ સાથે જ એક્સપ્રેસ-વે પર મૂકવામાં આવેલા કોન્ટ્રાક્ટર અને ઓફિસરો પર કાર્યવાહી અને તપાસ રિપોર્ટને લઈને કેન્દ્રીય મંત્રી પાસેથી જાણકારી માંગી હતી.

આ પ્રશ્ન પર ગડકરીએ કહ્યું કે, આ દેશનો સૌથી લાંબો એક્સપ્રેસ-વે છે અને વૈશ્વિક સ્તરે સૌથી ઓછા સમયમાં બનાવવામાં આવ્યો છે. જેની કિંમત એક લાખ કરોડ રૂપિયા છે.

કેન્દ્રીય મંત્રીએ પોતાના જવાબમાં કહ્યું કે, લેયરમાં ફરક પડ્યો છે, પરંતુ સામગ્રીમાં કોઈ છેડછાડ કરવામાં નથી આવી. અમુક જગ્યાએ લેયર જરૂર દબાઈ ગયા છે, જેની જાણ થઈ છે. અમે તેને સુધારવા માટે કહ્યું હતું અને તે સુધારવામાં આવી રહ્યા છે. જ્યાં લેયરમાં ફરક પડ્યો છે, તેના માટે ૪ કોન્ટ્રાક્ટરને અમે જવાબદાર ગણાવી તેમને નોટિસ આપવામાં આવી છે. આ તમામની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જે અધિકારીઓ સામેલ છે, તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

ગડકરીએ આ વિશે કહ્યું કે, જો આવી ખરાબ ક્વોલિટીવાળું કામ કોન્ટ્રાક્ટર કરે છે તો છ મહિના સુધી કોઈ ટેન્ડર ભરી નહીં શકે તેવી નીતિ અમે બનાવવામાં આવી છે. આ સિવાય જે અધિકારીઓ સામેલ છે, તેમની સામે પણ કાર્યવાહી કરી નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં મારા વિભાગે ૫૦ લાખ કરોડના કામ કર્યા છે. કોઈપણ કોન્ટ્રાક્ટરને પોતાના કોન્ટ્રાક્ટ માટે મંત્રાલયમાં નથી આવવું પડતું. અમે પારદર્શી છીએ, સમય સીમાને લઈને પ્રતિબદ્ધ છે અને પરિણામ ઈચ્છીએ છીએ. હું સાર્વજનિક સભામાં કહી ચૂક્યો છું કે, જો કોન્ટ્રાક્ટર કામ નહીં કરે તો બ્લેક લિસ્ટ કરવામાં આવશે. આ વર્ષે જુઓ કોન્ટ્રાક્ટરને કેવી રીતે બ્લેક લિસ્ટ કરાવ્યા છે. તેઓને એકદમ સીધા કરી દઈશું. અમે કોઈની સાથે કોમ્પ્રોમાઈઝ નથી કરતાં.

ગડકરીએ લોકસભામાં માર્ગ અકસ્માતના આંકડા પર ચિંતા વ્યક્ત કરી. ગડકરીએ કહ્યું કે, તમામ પ્રયાસો છતાં દેશમાં માર્ગ અકસ્માતના કારણે એક વર્ષની અંદર ૧.૬૮ લાખ લોકોની મોત થઈ ગઈ છે. આ દુર્ઘટનાઓમાં મૃતકોની સંખ્યામાં ૬૦ ટકા હતાં. તેઓએ સંસદમાં કહ્યું કે, આ સ્થિતિ દુઃખદ છે અને તેને રોકવા માટે સમાજને સહયોગ કરવાનો રહેશે.

વધુમાં મંત્રીએ કહ્યું કે, દુઃખની સાથે કહેવું પડી રહ્યું છે કે, પ્રયાસ કર્યા છતાં એક વર્ષમાં ૧.૬૮ લાખ મોત થઈ ચુકી છે. આ લોકો દંગામાં નહીં, માર્ગ અકસ્માતમાં મોતને ભેટ્યા છે. મૃતકોમાં ૬૦ ટકા યુવાનો હતાં. જ્યારે હું મહારાષ્ટ્ર (વિધાન પરિષદ)માં નેતા પ્રતિપક્ષ હતો તો માર્ગ અકસ્માતમાં ઘાયલ થઈ ગયો હતો અને ચાર જગ્યાએ શરીરમાં હાડકા તૂટી ગયા હતાં. હું આ સ્થિતિને સમજી શકુ છું. હું સાંસદોને અપીલ કરૂ છું કે, તેઓ પણ માર્ગ સુરક્ષાને સુનિશ્ચિત કરવા માટે સામે આવીને સહયોગ કરે.

૮મા પગાર પંચને લઈને નાણાં મંત્રાલયે કહી મોટી વાત

# ૧.૨ કરોડ કેન્દ્રિય કર્મચારી અને પેન્શનરો માટે મોટા સમાચાર

નવી દિલ્હી, તા.૬

૮મા પગાર પંચના ગઠનની માંગ વેગ પકડી રહી છે. રાષ્ટ્રીય પરિષદ-સંયુક્ત પરામર્શ મશીનરી (NC-JCM)એ તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ સચિવને પત્ર લખીને જનવરી ૨૦૨૬ પહેલાં પગાર અને પેન્શનમાં સુધારા માટે ૮મા પગાર પંચનું ગઠન કરવાની માંગ કરી છે.

NC-JCM ના સચિવ શિવ ગોપાલ મિશ્રાએ ૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મોકલેલા પત્રમાં જણાવ્યું છે કે ૭મા પગાર પંચની ભલામણો લાગુ થયાને ૯ વર્ષ થઈ ગયા છે અને જનવરી ૨૦૨૬ થી પગાર અને પેન્શનમાં સુધારો આવશ્યક છે. તેમણે કહ્યું કે ૪થા પગાર પંચ (૧૯૮૬) થી લઈને હાલ સુધી પગાર પંચનો સમયગાળો લગભગ ૧૦ વર્ષનો રહ્યો છે.

૭મા પગાર પંચની ભલામણો જાન્યુઆરી ૨૦૧૬ થી લાગુ કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૬ થી આગલા પગાર સુધારાનો સમય આવી ગયો છે. શિવ ગોપાલ મિશ્રાએ જણાવ્યું કે ૭મો પગાર પંચ ફેબ્રુઆરી ૨૦૧૪માં બનાવવામાં આવ્યો હતો અને તેને લાગુ કરવામાં લગભગ ૨ વર્ષ લાગ્યા હતા. તે જ પ્રમાણે, ૮મા પગાર પંચના ગઠન અને અહેવાલ તૈયાર કરવામાં પણ ૨ વર્ષ લાગશે. ત્યારબાદ ભલામણોને લાગુ કરવામાં ૩ થી ૬ મહિનાનો સમય લાગી શકે છે.

NC-JCM ની સતત અરજીઓ છતાં, કેન્દ્રીય નાણાં મંત્રાલયે તાજેતરમાં જણાવ્યું છે કે ૮મા પગાર પંચના ગઠનનો કોઈ પ્રસ્તાવ વર્તમાનમાં વિચારણા હેઠળ નથી. આથી લગભગ ૧.૨ કરોડ કેન્દ્ર સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સમાં નિરાશા છે, જે ૮મા પગાર પંચના ગઠનની રાહ જોઈ રહ્યા છે. NC-JCM પહેલાં ૩ જૂન, ૨૦૨૪ના રોજ પણ આ જ માંગ સાથે પત્ર લખ્યો હતો, પરંતુ ત્યારે પણ સકારાત્મક જવાબ મળ્યો નહોતો. આ વખતે સંગઠનએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં મંત્રી નિર્મલા સીતારમણને અપીલ કરી છે કે તેઓ આ મુદ્દે ઝડપથી કાર્યવાહી કરે.

નાણાકીય વિશેષજ્ઞોનું માનવું છે કે પગાર પંચનું સમયસર ગઠન ન ફક્ત કર્મચારીઓ માટે જરૂરી છે, પણ તેનાથી દેશની આર્થિક પ્રવૃત્તિઓને પણ બળ મળે છે. જ્યારે કર્મચારીઓની ખરીદ શક્તિ વધે છે, ત્યારે તેઓ વધુ ખર્ચ કરે છે, જેનાથી બજારમાં માંગ વધે છે. NC-JCM એ સ્પષ્ટ કર્યું છે કે તે આ મુદ્દે પાછળ નહીં હટે. સંગઠનએ કેન્દ્ર સરકારને આગ્રહ કર્યો છે કે તે આ માંગને ગંભીરતાથી લે અને ૮મા પગાર પંચનું ગઠન ઝડપથી કરે. જો કે, નાણાં મંત્રાલયં રફથી વર્તમાનમાં કોઈ સકારાત્મક સંકેત મળતા નથી.

૮મા પગાર પંચનું ગઠન કરોડો સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. સમયસર પંચનું ગઠન ન ફક્ત મોંઘવારીના દબાણને ઓછુ કરશે, પણ કર્મચારીઓની પ્રેરણા અને કાર્યક્ષમતાને પણ વધારશે. વર્તમાનમાં, બધાની નજર કેન્દ્ર સરકાર પર છે કે તે આ પર શું પગલાભરે. જો આ મુદ્દો ઝડપથી ઉકેલાશે નહીં, તો આથી કર્મચારીઓ અને સરકાર વચ્ચે અસંતોષ વધી શકે છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરમાં કરી ટકોર

# પોલીસને જે દંડો આપ્યો છે તેનો છૂટથી ઉપયોગ કરે

## ગાંધીનગરમાં એક કાર્યક્રમમાં ગુમ કે ચોરી થયેલા મોબાઈલો મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં ગઈકાલે પોલીસ વિભાગ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ચોરી કે ગુમ થયેલા મોબાઈલ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા. તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ૩૪૦ મોબાઈલ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર પોલીસે ૭૩ લાખની કિંમતના મોબાઈલ પરત મેળવ્યા હતા. રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે મોબાઈલ અને મુદ્દામાલ પરત કરવામાં આવ્યો હતો.

મોબાઈલ ચોરી કે ફોન ખોવાઈ જાય તેવી ઘટના હંમેશા બનતી હોય છે. ત્યારે આરોપીઓ પાસેથી આ ફોન ગાંધીનગર પોલીસે રિકવર કર્યા હતા. ત્યારબાદ જે વ્યક્તિઓના ફોન હતા તેને પરત આપવા માટે આજે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં હર્ષ સંઘવીના હસ્તે ૪૩૦ મૂળ માલિકોને મોબાઈલ પરત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ટાઉનહોલ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સિવાય મંદિરોમાં ચોરી થઈ હોય તેના ૪૭ લાખ રૂપિયા પણ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સંબોધન કરતા હર્ષ સંઘવીએ કહ્યુ કે ગુનેગાર જે ભાષામાં સમજે તે ભાષામાં સમજાવવા જોઈએ. હર્ષ સંઘવીએ કહ્યું કે પોલીસને ડંડો આપ્યો છે તો તેનો છુટથી ઉપયોગ કરવાનું જાહેર મંચ પરથી કહું છું. હર્ષ સંઘવીએ કહ્યું કે જે ગુનેગાર હશે તેનો વરઘોડો તો નિકળશે જ. હર્ષ સંઘવીએ પોલીસકર્મચારીઓને કહ્યું કે રાજ્યના નાગરિકોને પોલીસે માન-સન્માન આપવું પડશે. જો કોઈ વડીલ ફરિયાદ કરવા આવે તો પોલીસે પાણીનો ગ્લાસ આપવો જોઈએ.

ત્યારબાદ રાજ્યના ગૃહરાજ્યમંત્રીએ ટકોર કરતા કહ્યું કે જો કોઈ ગુનેગાર હોય તો ભૂલમાં પણ પાણીનો ગ્લાસ ન આપતા. હર્ષ સંઘવીએ કહ્યું કે જો કોઈ નિર્દોષ વ્યક્તિઓને પરેશાન કરશે તો તેને છોડવામાં આવશે નહીં. આ સિવાય હર્ષ સંઘવીએ જામનગર એસપી અને ટીમને અભિનંદન આપ્યા હતા. હર્ષ સંઘવીએ કહ્યું કે જામનગર જિલ્લાના બળાત્કાર અને ડ્રગ્સ કેસના આરોપીનું ૧૧ વિઘાનું ફાર્મહાઉસ ધરાશાયી કરી દેવામાં આવ્યું છે તે અભિનંદનને પાત્ર છે.

# ICCએ ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને બેઠક રદ કરી દીધી

મુંબઈ, તા.૬

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) પોતપોતાની જિદ પર અડગ છે. હવે તમામ ICCના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે. પરંતુ ICCએ ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને બેઠક રદ કરી દીધી છે. પરંતુ હવે નવી તારીખ આવી છે જ્યારે ટુર્નામેન્ટનું ભવિષ્ય નક્કી થશે. એક તરફ BCCI હાઈબ્રિડ મોડલની જિદ પર અડગ છે, જ્યારે બીજી તરફ પાકિસ્તાને તેના માટે સ્પષ્ટ મનાઈ કરી દીધી છે. આ મુદ્દે ICCની બેઠક યોજાવાની હતી જે ૫ થી ૭ ડિસેમ્બર સુધી મોકૂફ રાખવામાં આવી છે.

ઈન્ડિયા ટુડેના એક રિપોર્ટ અનુસાર, એક ચર્ચામાં ICCએ PCBને હાઈબ્રિડ મોડલ માટે માનાવ્યું, પરંતુ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ માટે સ્પષ્ટ મનાઈ કરી દીધી છે. રિપોર્ટ અનુસાર PCB ICC ટૂર્નામેન્ટ માટે તેના અંતિમ સ્ટેન્ડ સાથે ICC સાથે બેઠક કરવા માટે તૈયાર છે. PCBએ હાઈબ્રિડ મોડલ પર એક શરત મૂકી કે ભારતમાં યોજાતી તમામ ટૂર્નામેન્ટ પણ હાઈબ્રિડ મોડલ પર જ હોવી જોઈએ,

# મહાકૌભાંડી ભૂપેન્દ્ર ઝાલાના નામે ચાલી રહી છે ૧૮થી વધુ કોલેજો

અમદાવાદ, તા.૬

ગુજરાતના મહાકૌભાંડી ભૂપેન્દ્ર ઝાલાને લઈને દરરોજ નવા-નવા ખુલાસા થઈ રહ્યાં છે. એક ના ડબલ કરવાની લાલચ આપી ૬ હજારથી વધુ કરોડનું કૌભાંડ કરનાર ભૂપેન્દ્ર ઝાલા અત્યારે ફરાર થઈ ગયો છે. પરંતુ આ કેસમાં દરરોજ ચોંકાનારી વિગતો સામે આવી રહી છે. આ વચ્ચે મહાકૌભાંડીએ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી પણ કરી છે. બીજીતરફ સામે આવ્યું કે ભૂપેન્દ્રના નામે ૧૮થી વધુ કોલેજો ચાલી રહી છે.

BZ ગ્રુપનો મહાકૌભાંડી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી છે. જી હાં ધરપકડથી બચવા માટે ભાગેડું ભૂપેન્દ્રએ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. ભૂપેન્દ્રની આગોતરા જામીન અરજી પર ૬ ડિસેમ્બરે સુનાવણી થશે. ભૂપેન્દ્ર ઝાલા પોતે ખૂબ મોટા સેવાભાવી આગેવાન છે તે પ્રકારે કોર્ટમાં દાદ માંગી છે. પોલીસે માત્રને માત્ર બદઈરાદો રાખીને ફરિયાદ દાખલ કરી હોવાનો ભૂપેન્દ્ર ઝાલાએ આરોપ લગાવ્યો છે. બિનજરૂરી હેરાનગતિ અને છબી ખરડાવવા માટે ફરિયાદ નોંધાઈ હોવાનો પણ ભૂપેન્દ્ર ઝાલાએ આક્ષેપ કર્યો છે.

સૌથી મોટી વાત એ છે કે મહાકૌભાંડી ભૂપેન્દ્રના નામે ૧૮થી વધુ કોલેજો ચાલી રહી છે અને કોલેજ સિવાય પણ ભૂપેન્દ્ર ઝાલા અનેક મિલકતોનો માલિક છે. લોકો સાથે કૌભાંડ કરનાર ભૂપેન્દ્ર ઝાલા વૈભવી જીવન જીવી રહ્યો હતો. આ પહેલા ખુલાસો થયો હતો કે ઝાલા સોનાનું મોબાઈલ કવર રાખતો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. Bz મામલે કોંગ્રેસ મુખ્યપ્રવક્તા ડૉ.મનીષ દોશીએ આક્ષેપ કરતા કહ્યું કે, ભાજપને ફંડ આપનાર BZ કંપનીનાં ભુપેન્દ્રસિંહ ઝાલા ૬૦૦૦ કરોડનો કૌભાંડી છે. ભુપેન્દ્રસિંહ ઝાલાએ વડાલીમાં ભાજપને ફંડ આપ્યું છે. ૨૧/૩/૨૦૨૩ ના રોજ ચેકથી સત્તાવાર પાર્ટી ફંડ આપ્યું છે. તેના બાદ બે વાર ૯૯૯૯૯, ૫૧૦૦૦, અને ૧ રૂપિયાનું ફંડ ચેકથી આપવામાં આવ્યું છે. છતાં ભાજપના નેતાઓ તેની સાથે કોઈ સંબંધ ન હોવાનું કહે છે.

આ સિવાય અન્ય એક ચોંકાવનારી વાત સામે આવી હતી કે ભૂપેન્દ્ર ઝાલાની સ્કીમમાં ક્રિકેટરોએ પણ રોકાણ કર્યું હતું. જેમાં ક્રિકેટર શુભમન ગિલ, રાહુલ તેવટિયા, મોહિત શર્મા, સાંઈ સુંદર સહિત પાંચ ક્રિકેટર્સનાં નામ પણ મળ્યાં છે.

# દેવેન્દ્ર ફડણવીસના શપથ ગ્રહણમાં સલમાન પહોંચ્યો



મુંબઈ, તા.૬

મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. દેવેન્દ્ર ફડણવીસ મુંબઈના આઝાદ મેદાનમાં મહારાષ્ટ્રના સીએમ તરીકે શપથ લીધા. આવી સ્થિતિમાં બોલિવૂડના ઘણા સુપરસ્ટાર્સ પણ મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહમાં પહોંચ્યા હતા. શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા શાહરૂખ ખાન, સલમાન ખાન અને સંજય દત્ત સહિત ઘણા સ્ટાર્સ આવ્યા હતા. કાળો કોટ અને પેન્ટ પહેરીને શાહરૂખ ખાને ઈવેન્ટમાં ધાંસુ એન્ટ્રી કરી હતી. શાહરૂખ ખાન રણવીર સિંહ અને રણબીર કપૂરને ગળે લગાવતો જોવા મળ્યો હતો.

સલમાન ખાને મરૂન શર્ટ અને ડાર્ક ચશ્મા સાથે બ્લેક કોટ-પેન્ટ પહેરીને શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. તે ચુસ્ત સુરક્ષા સાથે સ્થળ પર પહોંચતો જોવા મળ્યો હતો. બ્લેક શેરવાની પહેરીને રણવીર સિંહે મહારાષ્ટ્રના સીએમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. સ્થળ પર તે અંબાણી પરિવારની નાની વહુ રાધિકા અંબાણી સાથે ગળે મળીને વાત કરતો જોવા મળ્યો હતો.

રણબીર કપૂર પણ સફેદ આઉટફિટમાં જોવા મળ્યો હતો. માધુરી દીક્ષિતે તેના પતિ નેને સાથે શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. આ સિવાય સંજય દત્ત અને મનીષ પોલ પણ આ ઈવેન્ટનો ભાગ હતા. મહારાષ્ટ્રમાં છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલા રાજકીય ઉથલપાથલ વચ્ચે ગુરુવારે મહાયુતિ ગઠબંધનની નવી સરકારની રચના કરવામાં આવી હતી. દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં એક ભવ્ય સમારોહમાં દેવેન્દ્ર ફડણવીસે મુખ્યમંત્રી પદના શપથ લીધા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સતત કર્મ કરતા રહેવું એજ વિશ્રામ છે.

- સ્વામી રામતીર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૫ નાગ પંચમી, સ્કંદ છઠ્ઠ, ડો. આંબેડકર પૂણ્યતિથિ, પંચક (પરોઢે ૫:૦૭ ક.થી પ્રારંભ) તા.૬ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૪, શ્રવણ નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૨૦, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), પરોઢે ૫:૦૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ:આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન:ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક:આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

# રાજ્યમાં જંત્રીમાં સૂચિત વધારા સામે વ્યાપક વિરોધ : નવા દરથી મકાનો ૪૦ ટકા મોંઘા થશે

## ખેડૂત-સામાન્ય નાગરિક તમામને થશે અસર; વાંધા-સૂચનો માટે સમય વધારવાની પણ માંગ



ગાંધીનગર, તા.૬

રાજય સરકાર દ્વારા તાજેતરમાં સૂચિત જંત્રીદર જાહેર કરી તે અંગે સૂચનો-વગેરે મંગાવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે ત્યારે તેનો લઈને રાજ્યમાં મોટાપાયે વિરોધ ઉઠી રહ્યો છે. સૂચિત જંત્રીદર જાહેર કરવામાં આવ્યા છે, જે બેથી ત્રણ ગણા વધી ગયા હોવાના કારણે રિયલ એસ્ટેટ સેકટરથી લઈને સામાન્ય નાગરિકોને ખૂબ મોટી અસર થવાની છે. જેને લઈને રિયલ એસ્ટેટ સાથે સંડોવાયેલી વર્ગો દ્વારા એકસાથે જંત્રી દરના વધારા મુદ્દે વિરોધ નોંધાવ્યો છે. સૂચિત જંત્રીદરના વાંધા-સૂચનો રજૂ કરવા માટે ૩૦ દિવસની જગ્યાએ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીનો સમય પણ માગ્યો છે. વાંધા-સૂચનો રજૂ કરવા માટેની ઓનલાઈન પ્રક્રિયાની સાથે ઓફલાઈન પ્રક્રિયા પણ કલેક્ટર અથવા મામલતદાર ઓફિસમાં કરી શકાય એવી વ્યવસ્થા ગોઠવવા પણ માગ કરવામાં આવી રહી છે. સૂચિત જંત્રીદરમાં જો ઘટાડો નહીં કરવામાં આવે તો બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલ વર્ગ દ્વારા કોર્ટમાં જવાની પણ તૈયારી કરાઈ રહી છે. છેલ્લા બાર દિવસથી એકપણ નવા પ્રોજેક્ટ શરૂ થયા નથી. સૂચિત જંત્રીદરમાં વધારાથી ખેડૂતો, જમીન માલિકો, નવું ઘર ખરીદનારા લોકો સહિત ડેવલપરોને નાગરિકોને પોતાનું ઘરનું ઘર લેવું હવે સપનું બની જશે, કારણ કે નવા સૂચિત જંત્રીદરના કારણે મકાનો ૩૫થી ૪૦ ટકા જેટલાં મોંઘાં થઈ જશે. જે લોકોએ નવાં ઘર નોંધાવી દીધાં છે, પરંતુ દસ્તાવેજ બાકી છે તેમને પણ ખૂબ મોટી અસર થશે. આ અંગે બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલ સંસ્થા દ્વારા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં નવી જંત્રી બહાર પાડવામાં આવી હતી. ત્યારબાદ બાર વર્ષ સુધી વધારો કરવામાં આવ્યો નથી. શહેરમાં ડેવલપમેન્ટને લઈને જંત્રીદરમાં વધારો કરવો જોઈએ, સમયસર દર વર્ષે વધારો કરવો જોઈએ એવું સૂચન કરવામાં આવ્યું હતું, પરંતુ રાજ્ય સરકારે ૧૨ વર્ષ સુધી કોઈ વધારો કર્યો નહીં અને વર્ષ ૨૦૨૩માં માર્ચ મહિનામાં જંત્રી ડબલ કરી દેવાની રાતોરાત જાહેરાત કરી દેવામાં આવી હતી. જે-તે સમયે પણ વિરોધ ઉઠ્યો અને સરકારે રિવ્યૂ કર્યા વગર બજાર પર કેવી અસર થશે એ અંગે વિચાર કર્યા વિના જ આ જાહેરાત કરી દીધી હોવાના પ્રત્યાઘાતો ઉઠ્યા હતા. રાજ્ય સરકારે સાયન્ટિફિક પદ્ધતિથી સર્વે અને સંકલન કરીને જંત્રીદરમાં સુધારો કરીશું એમ કહ્યું હતું. સરકારે દોઢ વર્ષ સુધી સર્વે અને સ્થળ પરિસ્થિતિ જોયા બાદ ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ જે સૂચિત જંત્રીદર બહાર પાડ્યો છે એ બેથી ત્રણ ગણો છે. જંત્રીનો મુદ્દો ખેડૂતથી લઈ દરેક નાગરિક અને ડેવલપરોને અસર કરે છે. સૌથી વધારે ખેડૂતોને આ જંત્રીદરને લઈ અસર થવાની છે. ગુજરાતમાં ૪૦,૦૦૦ ઝોન છે અને લાખો વાર જમીન આવેલી છે. જ્યારે રાજ્ય સરકારે સૂચિત જંત્રી દર લાગુ કરવાનો હતો ત્યારે ૯૦ દિવસનો વાંધા-સૂચનનો સમય માગ્યો હતો, પરંતુ સરકારે માત્ર ૩૦ દિવસનો સમય આપ્યો છે.

### કેન્દ્ર સરકારના ધોરણે રાજ્યના કર્મીઓને ડીએ આપવા સરકારનો નિર્ણય

# રાજ્ય સરકારના ૯ લાખ સરકારી કર્મીઓ તથા પેન્શનર્સ માટે મોંઘવારી ભથ્થામાં કરાયો વધારો

ગાંધીનગર, તા.૬

સરકારી કર્મચારીઓ માટે રાજ્ય સરકાર છેલ્લા કેટલાક સમયથી એક પછી એક નિર્ણયો લઈ રહી છે. જેમાં હવે વધુ એક મહત્ત્વનો નિર્ણય લઈ સાતમા પગારપંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. હવેથી ૧ જુલાઈ ૨૦૨૪થી ૩ ટકાનો વધારો કરી ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કરવામાં આવ્યુંછે. આમ, હવે પેન્શનર્સ અને કર્મચારીઓને ૧ જુલાઈ ૨૦૨૪થી મૂળ પગારના ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મળશે. સરકારના આ નિર્ણયથી રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૪૫ લાખ કર્મચારી અને ૪.૬૩ લાખ પેન્શનર્સને લાભ મળશે. રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓને જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૪ સુધીના મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ ડિસેમ્બરના પગાર સાથે (પેઈડ ઈન જાન્યુઆરી-૨૦૨૫) રોકડમાં ચૂકવવાની રહેશે. આ મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચુકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતાં ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં. સરકારના આ નિર્ણય અનુસાર તા.૧/૭/૨૦૨૪થી ત્રણ ટકાનો મોંઘવારી વધારો મળશે. તા.૧/૭/૨૦૨૪થી અમલ શરૂં થતાં હમણાં સુધી વધારાના એરિયર્સની રકમ આગામી માસના પગાર સાથે ચૂકવવાનો નિર્ણય લેવાયો છે. આ હુકમ જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અનેબિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળાઓ/સંસ્થાઓના કર્મચારીઓને મળશે આ મોંઘવારી ભથ્થાનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલા કર્મચારીઓ તેમજ કામ પૂરતા મહેકમ ઉપરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજૂર કરવામાં આવ્યો છે તેમને પણ મળશે. પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજૂર કરેલા મોંઘવારી ભથ્થાના કારણે અને બિનસરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતો ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે.

# ત્રિપુરાએ બાંગ્લાદેશને વધી રહેલી ભારત વિરોધી ઘટનાઓ વચ્ચે રૂા.૧૩૫ કરોડની વીજળીની બાકી રકમની ચૂકવણી કરવા કહ્યું

(એજન્સી) તા.૬

ત્રિપુરાએ બાંગ્લાદેશ પાસેથી ૧૩૫ કરોડ રૂપિયાના વીજળીના લેણાંની તાત્કાલિક વસૂલાતની માંગ કરી છે. આ લેણાં એનટીપીસી વિદ્યુત વેપાર નિગમ લિમિટેડ દ્વારા કરવામાં આવેલા પાવર ટ્રેડિંગ એગ્રીમેન્ટ હેઠળ છે. ત્રિપુરા સરકારે લેણાંની તાત્કાલિક ચુકવણી ઉપર ભાર મૂક્યો છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે બાંગ્લાદેશમાં 'ભારત વિરોધી પ્રવૃત્તિઓ'ની ઘટનાઓ વધી રહી છે. હાલમાં જ બ્રાહ્મણબારિયા જિલ્લામાં ઢાકા થઈને કોલકાતા જતી અગરતલાકોલકાતા બસ ઉપર કથિત હુમલાના સમાચાર હતા. ટ્રક અને ઓટો રિક્ષા વચ્ચે અથડામણ થતાં આ ઘટના બની હતી. જો કે કોઈ જાનહાનિ થઈ ન હતી, એવો આક્ષેપ છે કે એક જૂથે મુસાફરોને ધમકાવ્યો હતો અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, મે ૨૦૨૪માં પણ ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (TSECL)એ સમયસર ચુકવણી ન કરવાને કારણે બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ (BPDB)ને મર્યાદિત વીજ પુરવઠો આપ્યો હતો. છેલ્લા એક વર્ષથી બાંગ્લાદેશ દ્વારા સમયસર ચુકવણી કરવામાં આવી નથી, જેના કારણે બાકી રકમ વધી છે. TSECLના મેનેજિંગ ડિરેક્ટર દેબાશિષ સરકારે જણાવ્યું હતું કે, 'BPDB ઉપર ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશનને રૂા.૧ કરોડથી વધુનું દેવું છે. અમે ચુકવણી પ્રક્રિયાને સરળ બનાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ, પરંતુ નાણાકીય સમસ્યાઓ ઊભી થઈ રહી છે બાંગ્લાદેશના પાવર ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીના અધ્યક્ષ કે જેથી આ મુદ્દાને વહેલી તકે ઉકેલી શકાય. TSECL પણ નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહી છે.

# મમતા બેનરજીએ બાંગ્લાદેશ સંકટ મુદ્દે UNના હસ્તક્ષેપની માંગ કરી

## મમતા બેનરજીએ યુએનના હસ્તક્ષેપને પગલે બાંગ્લાદેશમાં શાંતિ રક્ષા દળોની વિચારણા કરવા માટે કેન્દ્ર સરકાર માટે પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો



કોલકાતા, તા.૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પાડોશી દેશ બાંગ્લાદેશમાં ચાલી રહેલા સંકટમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના હસ્તક્ષેપની માંગ કરી હતી. તેણીએ યુએનના હસ્તક્ષેપને પગલે બાંગ્લાદેશમાં શાંતિ રક્ષા દળોની વિચારણા કરવા માટે કેન્દ્ર સરકાર માટે પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો. તેણીએ કહ્યું કે, આ મારી દરખાસ્તો છે. વડાપ્રધાને આ બાબતે નિવેદન આપવું જોઈએ અને યુએનના હસ્તક્ષેપની માંગ કરવી જોઈએ. મુખ્યમંત્રીએ રાજ્ય વિધાનસભાના ફ્લોર ઉપર આ બે દરખાસ્તોનો ઉલ્લેખ કર્યા પછી તેણીએ દરખાસ્તોના કારણો પણ સમજાવ્યા હતા. હું ગેરકાયદેસર ઘૂસણખોરી વિશે બોલવા ઈચ્છતી નથી. આ સંપૂર્ણ રીતે કેન્દ્ર સરકારનો મામલો છે અને અમે આ મામલે કેન્દ્રના નિર્ણયોને હંમેશા સ્વીકારીએ છીએ. પરંતુ, કેન્દ્ર સરકાર છેલ્લા દસ દિવસથી બાંગ્લાદેશ મુદ્દે મૌન છે. સત્તાધારી પાર્ટી ભારતમાં સરહદો સીલ કરવાની અને ખોરાકનો પુરવઠો રોકવાની માંગ કરી રહી છે. જો કેન્દ્ર સરકાર ઈચ્છે તો અમે તે કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે તેમની સરકાર અને પક્ષ બાંગ્લાદેશ ઉપર કેન્દ્ર સરકાર દ્વારા જે પણ સ્ટેન્ડ લેવામાં આવશે તેનું સમર્થન કરશે. ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ઈસ્કોન)ના એક વરિષ્ઠ અધિકારીએ દાવો કર્યો હતો કે યુએન સહિત આંતરરાષ્ટ્રીય શાંતિ સંસ્થાઓ બાંગ્લાદેશમાં હિન્દુઓ, ખાસ કરીને ઈસ્કોનના સાધુઓ પરના હુમલાઓ અને અત્યાચારો પ્રત્યે ઉદાસીન છે તેના એક દિવસ પછી સદનના ફ્લોર ઉપર તેમના નિવેદનો કરવામાં આવ્યા આવ્યા હતા. મુખ્ય પ્રધાને એમ પણ કહ્યું હતું કે જો કેન્દ્ર સરકાર તેને મંજૂરી આપે તો તેમને બાંગ્લાદેશથી આવતા લોકોને આશ્રય આપવામાં કોઈ સમસ્યા નહીં હોય. તેમણે બાંગ્લાદેશમાં ભારતીય ત્રિરંગાના અપમાનની ઘટનાની પણ ટીકા કરી હતી. તેણીએ એમ પણ કહ્યું કે જો કેન્દ્રને તે જરૂરી લાગે તો એક ભારતીય પ્રતિનિધિને બાંગ્લાદેશમાં ચર્ચા માટે મોકલી શકાય છે.

# ગુજરાતમાં હવે આખી નકલી EDની ટીમ ઝડપાઈ વેપારીઓને શિકાર બનાવતી ગેંગ

અમદાવાદ,તા.૬

ગુજરાત સહિત સમગ્ર દેશમાં નકલી અધિકારીઓ બનીને લોકોને ફસાવવાની અનેક ઘટનાઓ બની છે, આજ પ્રકારની વધુ એક ઘટના કચ્છમાંથી બહાર આવી છે. આ વખતે એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટની નકલી ટીમ બનાવીને મોટા વેપારી અને ઉદ્યોગપતિઓને ધમકાવી તોડ કરતી ગેંગના સભ્યોને ઝડપી લેવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. સૂત્રોનો દાવો છે કે ઈડીના નકલી ઓફિસર બનીને આ ફ્રોડ લોકોએ ગાંધીધામ તેમજ આસપાસના વિસ્તારના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવ્યા છે. નકલી PMOના અધિકારી, જજ, વકીલ,પોલીસ, ટીચર, આચાર્ય વગેરે જેવી ઘટનાઓ બાદ આખી નકલી ED કાર્યરત હોવાનું પૂર્વ કચ્છ પોલીસના ધ્યાનમાં આવતાં એમાં સંડોવાયેલ અમદાવાદની બે વ્યક્તિ, ભુજમાંથી એક તેમજઅન્ય જગ્યાએથી કુલ મળીને આઠથી વધુ લોકોને ઉપાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ, પૂર્વ કચ્છની લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને એ ડિવિઝન પોલીસની સંયુક્ત કામગીરીમાં નકલી અધિકારી અને કર્મચારી બનીને લોકો પાસે પૈસા પડાવતા કુલ ૮ જેટલા ઈસમોને અલગ અલગ સ્થળેથી ઝડપી લીધા હોવાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત થઈ રહી છે. રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાંથી નકલી ઈડીના અધિકારીઓ બનીને ફરતા ઈસમોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર વિગતો બહાર પાડવામાં આવી નથી, જોકે આ મામલે અંજાર વિસ્તારના નાયબ પોલીસ વડા મુકેશ ચૌધરીએ બનાવને સમર્થન આપ્યું હતું અને એલસીબી તથા ગાંધીધામ એ ડિવિઝન પીઆઈ દ્વારા આ મામલે દરોડો પાડવામાં આવ્યો હોવાનું કહ્યું હતું,

# અમિત શાહ ફરી એકવાર એક દિવસના ગુજરાત પ્રવાસે

ગાંધીનગર, તા.૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો વધુ એક દિવસના પ્રવાસનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે. જે અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ પધારશે અને શનિવાર એટલે કે ૭ ડિસેમ્બરના રોજ ત્રણ કાર્યક્રમની અંદર અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. જેમાં હોસ્પિટલના લોકાર્પણમાં પણ હાજરી આપશે. સૌ પ્રથમ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાત ડિસેમ્બરના રોજ સિંધુ ભવન રોડ ઉપર આવેલ અને બોડકદેવ ખાતે તૈયાર થયેલી ગ્લોબલ હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગમાં હાજરી આપશે. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલની અમિત શાહ અમદાવાદ વાસીઓને ભેટ આપશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જે હોસ્પિટલનું લોકાર્પણ કરશે તેમાં ગેસ્ટ્રોલોજી, કાર્ડિયોલોજી, પ્લાસ્ટિક સર્જરી, રેડિયોલોજી, ડેન્ટલ અને પેથોલોજી સહિતની વિવિધ પ્રકારની સુવિધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમિત શાહ અન્ય કાર્યક્રમો પણ હાજરી આપશે. ભાજપ સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક કરે તેવી પણ શક્યતા દર્શાવાઈ રહી છે.

# બોર્ડની પરીક્ષામાં આંકડાશાસ્ત્ર અને ભૂગોળની પરીક્ષા એક જ દિવસે રખાતાં રજૂઆત કરાઈ

અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી લેવાનારી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આ વર્ષે ભૂગોળ અને આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા એક જ દિવસે રાખવામાં આવતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી શકે તેમ હોવાનું જણાતા શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ટીમ સાથે રાજ્યના શિક્ષણમંત્રીની રૂબરૂ મુલાકાત કરી વિવિધ મુદ્દાઓ ઉપર રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે શિક્ષણમંત્રી દ્વારા પણ જે તે વિભાગને જરૂરી સુચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. શૈક્ષિક સંઘ દ્વારા જે મુદ્દાઓને લઈને રજૂઆત કરવામાં આવી હતી તેમાં, HTAT મુખ્ય શિક્ષકોના જિલ્લા ફેરબદલી કેમ્પ, અરસ પરસ બદલી કેમ્પ બાબતે રજૂઆત કરવામાં આવી હતી. કેમ્પને લઈને પડતી મુશ્કેલીઓ અંગે પણ શિક્ષણમંત્રીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી શાળાઓમાં બોર્ડની ધોરણ૧૨ની સામાન્ય પ્રવાહ જૂથ૪ના ભૂગોળ અને આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષાના પેપરો એક જ દિવસે છે, જેનાથી વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે તે માટે વિદ્યાર્થીઓના હિતમાં લેખિત તેમજ મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. ગત પરીક્ષામાં આંકડાશાસ્ત્ર અને ભૂગોળ વિષયની પરીક્ષા અલગ અલગ દિવસે લેવામાં આવી હતી. જોકે, આ વખતે બંને વિષયોની પરીક્ષા ૭ માર્ચના રોજ રાખવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષકોને બુથ લેવલ ઓફિસરની કામગીરીમાંથી મુક્તિ આપવા માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. શિક્ષકોના ઓનલાઈન બદલી કેમ્પ પૂર્ણ થયા બાદ અગ્રતાની ખાલી રહેલી જગ્યાઓમાં શ્રેયાનતા વાળા શિક્ષકોનો સમાવેશ કરવા ઓફલાઈન કેમ્પ યોજવા બાબત પણ રજૂઆત કરવામાં આવી હતી. આગાઉ જિલ્લાફેર બદલી કરાવી ચૂકેલા અને મહેકમના કારણે છૂટા ન થઈ શકેલા તમામ શિક્ષકોને ઓનલાઈન બદલી કેમ્પમાં અગ્રતા લાભ આપવા બાબત પણ શિક્ષણમંત્રીને ભલામણ કરવામાં આવી હતી.

# સુપ્રીમ કોર્ટની પેનલે પર્યાવરણીય ચિંતાઓ છતાં ગંગા ઉપરના પાંચ હાઈડલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી દીધી

નવી દિલ્હી, તા.૬

કેદારનાથમાં ૫૦૦૦થી વધુ લોકોના મૃત્યુ બાદ ગંગા ઉપર નવા હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ (એચઈપી) શરૂ કરવાના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટે સુઓમોટુ નોટિસ લીધાના એક દાયકા પછી ૨૦૨૪માં સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત પેનલે મંજૂરી આપી છે. ઉત્તરાખંડમાં ગંગા અને તેની ઉપનદીઓ પર પાંચ વિવાદાસ્પદ HEP જલ શક્તિ અને પર્યાવરણ મંત્રાલયના પેનલના સભ્યો, અગાઉની બે સમિતિઓ અને પર્યાવરણવાદીઓએ ઉત્તરાખંડમાં ગંગાના કુદરતી પ્રવાહ અને ઈકોસિસ્ટમ સ્વાસ્થ્ય ઉપર HEPsની અસર અને સિસ્મિક ઝોનમાં આવતા વિસ્તારો ઉપર દાખલાઓ ટાંકીને તેમની આશંકાઓ વ્યક્ત કર્યા પછી પણ આ ભલામણ કરવામાં આવી છે.

કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથનની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુકત કરાયેલી પેનલમાં ઉત્તરાખંડના મુખ્ય સચિવ સહિત જલ શક્તિ, પર્યાવરણ અને શક્તિના ત્રણ કેન્દ્રીય મંત્રાલયોના સચિવોનો સમાવેશ થાય છે. પ્રશ્ન એ છે કે, 'માતા ગંગા' તરીકે આદરણીય નદી અને 'દેવભૂમિ' અથવા દેવતાઓની ભૂમિ તરીકે ઓળખાતા રાજ્ય ઉપર HEPsની અસર વિશે આ પેનલ તેની પોતાની સરકારની સલાહને કેમ અવગણી રહી છે ? છેવટે ગંગાને તેના મૂળ અપ્રદૂષિત પ્રવાહમાં પુર્નઃ સ્થાપિત કરવી અને હિંદુઓ માટે તેના આધ્યાત્મિક મહત્ત્વ માટે ઉત્તરાખંડને ઉન્નત બનાવવું એ છેલ્લા એક દાયકાથી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની મુખ્ય ચિંતા છે. તેમ છતાં આ વચન પાળવા માટે બહુ ઓછું કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડ ભારતની સૌથી મોટી નદી સિસ્ટમ ગંગાનું ઘર છે. તેનું પાણી માત્ર વિશાળ ગંગાના મેદાનોને જ ટકાવી રાખતું નથી પરંતુ હિંદુઓની વિશાળ બહુમતી માટે ઊંડું આધ્યાત્મિક મહત્ત્વ પણ ધરાવે છે. રાજયભરમાં તેની ઘણી ઉપનદીઓ હોવાને કારણે ઉત્તરાખંડને હાઈડ્રો ઈલેક્ટ્રિક જનરેશન હોટસ્પોટ તરીકે પણ પ્રોજેક્ટ કરવામાં આવ્યો છે. નદી પર તેની અસર અને પ્રદેશના નાજુક ઈકોલોજીકલ સંતુલન ઉપર વિરોધ હોવા છતાં બહુ પ્રસિદ્ધ થયેલા ટિહરી ડેમ જેવા મોટા ડેમ એ એક કેસ છે. જો કે, એવું લાગે છે કે, સરકારી મંત્રાલયો પણ HEPs વિશે આ ચિંતાઓ વ્યક્ત કરી રહ્યા છે. કેદારનાથમાં આવેલા પૂરના કારણે થયેલા મોટા પારિસ્થિતિક વિનાશે હિમાલયના પ્રદેશમાં અનિયંત્રિત 'વિકાસ'ના પરિણામો રજૂ કર્યા જેના માટે નાગરિકોએ ભારે કિંમત ચૂકવી અને સરકારને ભારે નુકસાન સહન કરવું પડ્યું. કારણ કે, નુકસાન ખૂબ જ ચિંતાજનક હતું ત્યારે સુપ્રીમ કોર્ટે ગંગા ઉપર નવા હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટના મુદ્દા ઉપર સુઓમોટુ નોટિસ લીધી હતી. તેણે શરૂઆતમાં નવા HEPs માટે મંજૂરીઓ આપવા ઉપર રોક લગાવી હતી અને પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયને તેમની અસરનું મૂલ્યાંકન કરવા માટે એક સમિતિની રચના કરવા નિર્દેશ આપ્યો હતો. એક અહેવાલમાં જણાવ્યા મુજબ જે ત્રણ સમિતિઓની સ્થાપના કરવામાં આવી હતી તેમાંથી પ્રથમ ૨૦૧૪માં પર્યાવરણવિદ રવિ ચોપરાની આગેવાનીવાળા નિષ્કર્ષ ઉપર આવ્યો કે HEPsએ કેદારનાથ દુર્ઘટનાને વધુ ખરાબ કરી હતી. તેમાં પ્રસ્તાવિત ૨૪ પ્રોજેક્ટને છોડી દેવાની ભલામણ કરવામાં આવી હતી. ૨૦૧૫માં મંત્રાલયે IITકાનપુરના વિનોદ તારે હેઠળ બીજી સમિતિની રચના કરી હતી જ્યારે HEP કંપનીઓએ તેમના પ્રોજેક્ટ્સ સાથે આગળ વધવાની પરવાનગી માટે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો હતો. ત્યારે પેનલે જણાવ્યું હતું કે, મંજૂરી સાથેના છ પ્રોજેક્ટોએ ગંભીર પર્યાવરણીય જોખમો ઊભા કર્યા છે. ૨૦૨૦માં બી.પી. દાસની અધ્યક્ષતામાં ત્રીજી સમિતિએ ૨૮ પ્રોજેક્ટને મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૨૦૨૧માં વડાપ્રધાનની ઓફિસમાં મીટિંગ પછી આ સંખ્યા ઘટાડીને સાત કરવામાં આવી હતી કારણ કે, તે પ્રોજેક્ટ્સ ઉપર કામ શરૂ થઈ ગયું હતું. આ વર્ષે ઓગસ્ટમાં સંપૂર્ણ વર્તુળ આવતા સર્વોચ્ચ અદાલતે પૂછ્યું કે શા માટે માત્ર સાત પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી હતી અને બાકીના ૨૧ પ્રોજેક્ટ્સ ઉપર નિર્ણય લેવા માટે દાસ સમિતિના અહેવાલની તપાસ કરવા માટે સોમનાથન સમિતિની સ્થાપના કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. સોમનાથન સમિતિએ તેના અહેવાલમાં સાતમાંથી પાંચ પ્રોજેક્ટને આ આધાર ઉપર મંજૂર કર્યા હતા કે, સકારાત્મકતાઓ પ્રોજેક્ટ્સમાંથી ઉદ્ભવતી નકારાત્મક અસર કરતાં વધારે છે. તર્ક એવો હતો કે, તેમને મંજૂરી આપવી એ રાષ્ટ્રીય હિતમાં હશે. પાંચ પ્રોજેક્ટને મંજૂરી આપતી વખતે પેનલે જલ શક્તિ મંત્રાલયની ગંભીર ચિંતાઓને બાજુ ઉપર મૂકી દીધી એટલે કે બી.પી. દાસ સમિતિના અહેવાલમાં અલકનંદા, ભીલંગના અને ધૌલીગંગા નદીઓ ઉપરના પ્રોજેક્ટ્સની સંચિત અસરને ધ્યાનમાં લેવામાં આવી નથી. પર્યાવરણ મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે, દાસ સમિતિએ નિર્ણાયક મુદ્દાઓ જેમ કે ભારે પૂર, હિમનદી તળાવ ફાટી નીકળવાના કારણે પૂર, ભૂસ્ખલન અને ધરતીકંપની પ્રવૃત્તિઓની અવગણના કરી હતી જે તમામ ક્ષેત્રની નાજુક ઈકોલોજીને અસર કરે છે. મંત્રાલયે એ પણ ધ્યાન દોર્યું હતું કે, ઉત્તરાખંડમાં તાજેતરની આફતો જેમાં જોશીમઠમાં પૂર અને જમીન ધસી પડવાની ઘટનાઓ અને ચમોલી ભૂકંપનો સમાવેશ થાય છે તે દાસ સમિતિ દ્વારા ભલામણ કરાયેલા પ્રોજેક્ટના સ્થળોની નજીક આવી હતી. અહેવાલ મુજબ ૧૩ નવેમ્બરની સુનાવણી દરમ્યાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં 'અંતિમ નિર્ણય' લાવવા માટે આઠ અઠવાડિયાનો સમય માંગ્યો હતો.

### ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન આયોજિત

# અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિમાં કઠપૂતળીની નાટ્ય પ્રસ્તૃતિના અનોખા અનુભવે દર્શકોને આશ્ચર્યચકિત કર્યા

**પ્રાયોગિક કઠપૂતળીની નાટ્ય પ્રસ્તૃતિના માધ્યમથી ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ કવિતા ''ચારણ કન્યા''ને જીવંત બનાવવામાં આવી, કથક નૃત્યકારના વેસ્ટર્ન બેઝ ફ્યુઝન પ્રસ્તૃતિએ આકર્ષનું કેન્દ્ર બની**







અમદાવાદ તા. ૬

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિમાં ગુરૂવારે દર્શકો ગુજરાતી સાહિત્યની સૌથી લોકપ્રિય રચનાઓ પૈકીની એક ચારણ કન્યાના હૃદયસ્પર્શી વર્ણન સાથેની કઠપૂતળી નાટ્ય પ્રસ્તૃતિના સાક્ષી બન્યા. સાથે જ ફ્યુઝન ડાન્સ, સંગીત અન આકર્ષક નાટ્ય પ્રસ્તૃતિઓએ આકર્ષણ જમાવ્યું હતું.

દર્શકોને એક નવીન અનુભવ કરાવતા કઠપૂતળી અને દ્રશ્ય કલાકાર રાહુલ કંથારીયાએ પોતાના પ્રાયોગિક કઠપૂતળી નાટ્ય પ્રસ્તૃતિના માધ્યમથી ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ રચના 'ચારણ કન્યા'ની વાર્તા જીવંત કરી હતી. રાહુલે ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના લેખક/કવિ ઝવેરચંદ મેઘાણીની પ્રસિદ્ધ રચના 'ચારણ કન્યા'ની વાર્તા રજુ કરી હતી. આ પ્રાયોગિક નાટકમાં રાહુલે કઠપૂતળીના અભિનયના માધ્યમથી 'ચારણ કન્યા'ની રચનાને વિસ્તૃત કરી અને પોતાના અંગત દ્રષ્ટિકોણ અને નવીન અભિવ્યક્તિઓના માધ્યમથી આ વાર્તામાં નવા પ્રાણ ફુંક્યા હતા. આ પ્રસ્તૃતિના માધ્યમથી તેઓ મેઘાણીની રચનાનું સન્માન કરવાની સાથે પરંપરાગત સાહિત્યને પ્રાયોગિક રંગભૂમિ સાથે જોડે છે.

કથક નૃત્યાંગના ધ્રુતિ જોશીએ પોતાના વેસ્ટર્ન બેઝ ફ્યુઝન નૃત્ય પ્રસ્તૃતિ ''એબિલિટી–ધ જર્ની ઓફ ઈક્વાલિટી''રજૂ કરી હતી, જેમાં તમામ માણસોની વિશિષ્ટતા પર ભાર મુકવામાં આવ્યો. ખાસ કરીને જેમની ક્ષમતાને મોટાભાગે અવગણવામાં આવે છે તેવા જરૂરિયાતમંદ બાળકો ઉપર ખાસ ભાર મુકાયો હતો. ધ્રુતિ જોશીનું માનવું છે કે આપણે તેમની ક્ષમતાઓને અવગણવાને બદલે તેનું પાલન-પોષણ કરવું જોઈએ અને તેની ઉજવણી કરવી જોઈએ. તેમણે પોતાની પ્રસ્તૃતિના માધ્યમથી ધ્રુતિ સ્વ-અભિવ્યકિત અને અભિવ્યક્તિની આ યાત્રા શરૂ કરવામાટે એક આદર્શ મંચ તરીકે ઉપયોગ કરે છે, જે આ બાળકોને અન્ય લોકો સાથે તેમની પ્રતિભા દર્શાવવા માટે સશક્ત બનાવે છે.

**વિઝ્યુઅલ આર્ટ પ્રદર્શનઃ**

દ્રશ્ય કલાકાર યશ વ્યાસે પોતાની કલાકૃતિ ''ફ્રેક્ચર્ડ ઈકોઝ, ફ્લીટીંગ હેવન્સ'' રજૂ કરી હતી. આ કલાકૃતિના માધ્યમથી યશ દર્શકોને વિસ્થાપન અને અનિશ્ચિતતાથી ખંડિત દુનિયાની યાત્રા કરાવે છે. તેમની કલાકૃતિ 'ફ્રેક્ચર્ડ ઈકોઝ, ફ્લીટીંગ હેવન્સ' ઘરના પરિચિત ખ્યાલને વિનાશ અને નાજુક આશાના પરિદ્રશ્યમાં પરિવર્તિત કરે છે. તુટી ગયેલ ઘર, કે જે એક સમયે સ્થિરતાનું પ્રતિક હતા, તે હવે નુકસાન અને બળજબરીથી કરાયેલ વિસ્થાપનની સાક્ષી આપે છે. તેમ છતાં ખંડેરોની વચ્ચે સુક્ષ્મ ઘર ઉભરી આવે છે, જે માનવીય લાગણીઓને સ્થિતિસ્થાપકતા અને સપનાની સ્થાયી શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. યશનું માનવું છે કે આ વિરોધાભાષ દર્શકો સાથે પડઘો પાડશે, અસ્તિત્વની નાજુકતા અને અત્યંત વિનાશક સંજોગોમાંથી પણ પુનર્જન્મની સંભાવના અંગે ચિંતન કરવા પ્રેરિત કરે છે.

મહારાષ્ટ્રના યવતમાલના કલાકાર સ્પંદન મુંધે પોતાની કલાકૃતિ 'પેપરવેટ' રજૂ કરે છે, જે ઓળખની તરલતાની કરુણ શોધ કરે છે.

સ્પંદન મુંધ પોતાની કલાકૃતિના માધ્યમથી દર્શકોને કાટમાળ અને પતંગિયાની દુનિયામાં લઈ જાય છે, જે માનવ આત્માના વિભાજન અને સ્થિતિ સ્થાપકતાનું પ્રતીક છે. પેપરવેઈટ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય બળ દ્વારા આકાર પામેલા ઓળખના વિખેરાયેલા ટુકડાઓનું પ્રતિનિધિત્વ કરે છે. અરાજકતા વચ્ચે, પતંગિયું અતૂટ અસ્તિત્વના પ્રતીક તરીકે ઉભરી આવે છે. તેની નાજુક છતાં દ્રઢ પાંખો સામાજિક અવરોધોને પાર કરવાની સ્વતંત્રતાનું પ્રતિક છે, જે અસ્તિત્વના આંતરિક મૂલ્યને સ્વીકારે છે. 'પેપરવેટ'ના માધ્યમથી દર્શકોને ઓળખની જટિલતાઓ અને માનવ ભાવનાની સ્થાયી શક્તિ પર વિચાર કરવા પ્રેરીત કરે છે.

કલાકાર મહેશ મેહર પોતાની કલાકૃતિ 'એ પેજ ફ્રોમ ચાઈલ્ડહુડ' રજુ કર્યુ, જે માનવ માનસનું મનમોહક અને ગહન ખોજ કરે છે. મહેશ મહેરની તાજેતરની કૃતિઓ બાળપણની યાદો સાથે ગહન ભાવનાત્મક જોડાણ ઉભુ કરે છે, સાથે જ પ્રારંભિક શોધની નિર્દોષતા અને ઉત્સાહને દર્શાવે છે. ગ્રામીણ વિસ્તારમાં ઉછેરે થયેલ હોવાથી તેઓ સ્વંત્રતાના સહજ આનંદને માણવાના મહત્વને જાણે છે, જેમાંથી

પ્રેરણા લઈને તેઓ પોતાની કલાના માધ્યમથી એક ચંચળ અને સંવાદાત્મક દ્રષ્ટિકોણને દર્શાવે છે. પોતાની કલાકૃતિમાં પ્રેક્ટિસ બુક્સ, રેખાચિત્રો અને શિલ્પ કીબોર્ડનો સમાવેશ કરીને તેઓ દર્શકોને સમય પસાર કરવા અને બાળપણની યાદોને પરિપકવ કલાત્મક અભિવ્યક્તિમાં પરિવર્તન અંગે સંવાદમાં જોડાવવા આમંત્રિત કરે છે.

# ઉનામાં સાસણ ફિલ્મ જોવા માટે લોકોને રૂદ્રાક્ષ સિનેમાના વિનામૂલ્યે પાસ અપાયા





ઉના તા. ૬

ઉનામાં રૂદ્રાક્ષ સિનેમામાં સાસણ ફિલ્મ જોવા માટે લોકોને વિનામૂલ્યે પાસ આપવામાં આવ્યા હતા. ત્યારે લોકોએ સાસણ ફિલ્મ નિહાળવા બહોળી સંખ્યામાં ભાઈ-બહેનો પહોંચ્યા હતા. આ તકે ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. અને સાસણ ફિલ્મમાં વિલનનો રોલ ભજવતા ચિરાગભાઈ મધુકાંતભાઈ જાનીનું પુષ્પગુચ્છથી સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે રૂદ્રાક્ષ સિનેમાના સંચાલક વિજયભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ ઉપાધ્યાય રાજુભાઈ ડાભી, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, નગરપાલિકાના સદસ્ય રાધેભાઈ જોશી, હરેશભાઈ જોશી, કિશોરભાઈ લાખણોત્રા, મહેશભાઈ બારૈયા, દિપકભાઈ બાંભણીયા, અજયભાઈ બાંભણીયા સહિતના લોકો સાથે રહી સાસણ ફિલ્મ નિહાળી હતી.

# જૂનાગઢમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધીત તાલીમ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૬


ક્રિએટિવ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા જુનાગઢ ખાતેની સુભાસ બી.એડ કોલેજ તેમજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન કોલેજ ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધિત શોધ બચાવ અને પ્રાથમિક સારવારની તાલીમ પોરબંદર હોમગાર્ડના સેકન્ડ ઈન કમાન્ડ ત્રિલોકકુમાર ઠાકર દ્વારા આપવામાં આવેલી હતી. તેમાં બચાવ કામગીરી, ગાંઠો તથા સીપીઆર રિકવરી પોઝીશન તથા અન્ય પ્રેક્ટીકલ તેમજ થીયરીકલ તાલીમ આપવામાં આવેલી હતી. આ પ્રસંગે અલ્તાફભાઈ કુરેશી અને વિવિધ કોલજના સ્ટાફગણ પણ ઉપસ્થિત રહેલ હતા.

# ક્રોપ કવરની મદદથી મરચીની ખેતી કરી આવકમાં વધારો કરતા ઉમરેઠીના ખેડૂત માલદેભાઈ

**તાપમાનમાં વધારો-ઘટાડો, ઋતુ પરિવર્તનમાં ફેરફાર સામે રક્ષણ આપે છે ક્રોપ કવર, ક્રોપ કવર માટે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે સહાય**







ગીર સોમનાથ તા. ૫

પ્રાકૃતિક અને રક્ષણાત્મક ખેતી થકી ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતો પોતાની આવકમાં વૃદ્ધિ કરી રહ્યાં છે. કૃષિ ક્ષેત્રે થતાં મહત્તમ સંસાધનોનો ઉપયોગ અને સંશોધનો થકી ખેડૂતો પોતાની જમીનની ફળદ્રુપતાને પુનઃજીવીત તો કરી જ રહ્યાં છે. આ સાથે જ અનેકવિધ મિશ્રપાકોના વાવેતર થકી આર્થિક ઉપાર્જન કરી રહ્યાં છે.

આવા જ એક મહેનતકશ ખેડૂત માલદેભાઈ લખમણભાઈ રામ પોતાના ૩ વિઘા ખેતરમાં ક્રોપકવરની મદદથી શિયાળામાં મરચીનું વાવેતર કરી અને પોતાની આવક વધારી રહ્યાં છે.

માલદેભાઈએ જણાવ્યું હતું કે, ૧ વિઘામાં મરચીના પાકના માધ્યમથી અંદાજિત રૂા. દોઢ લાખનું ઉત્પાદન મેળવી શકાય છે. આ રીતે મેં મારા ૩ વિઘા ખેતરમાં મરચીનું વાવેતર કર્યું છે. જ્યારે ખેતીની ટેક્નોલોજીસભર નહોતી ત્યારથી હું મરચીનું વાવેતર કરૂં છું પરંતુ ટેક્નોલોજી આવ્યા પછી હવે પરંપરાગત ખેતી કરતાં ખૂબ જ ફાયદો થયો છે. ટેકનોલોજીના કારણે શારીરિક શ્રમ ઘટ્યો છે અને ખેત ઉત્પાદનમાં ફાયદો પહોંચે છે.

અમે મરચીનું વાવેતર અનેક પદ્ધતિથી કરેલું છે. પહેલા જમીનમાં ફૂગ ખૂબ જ પરેશાન કરતી હતી એટલે અમે ડ્રિપ પદ્ધતિથી ખેતી કરવા લાગ્યાં હતાં. જોકે, દર વર્ષે ક્લાઈમેટ ચેન્જના કારણે ક્રોપ કવર પદ્ધતિથી મરચીનું ઉત્પાદન મેળવવા લાગ્યાં છીએ. આ રીતે ક્રોપ કવર પદ્ધતિથી ખૂબ જ ફાયદો થયો છે.

**શું છે ક્રોપ કવર પદ્ધતિ?**

ક્રોપ કવર એ એક પ્લાસ્ટિકનું આવરણ છે. આ આવરણનો ઉપયોગ છોડને ઢાંકવા માટે થાય છે. પાકની હરોળ ઉપર ક્રોપ કવરની ઝીગઝેગ પ્રકારની વ્યવસ્થા ગોઠવી અને છોડને આવરી લેવામાં આવે છે. પાકનું આવરણ પાકને જંતુઓ, પવન, વરસાદ અને તડકાથી બચાવવામાં મદદરૂપ થાય છે.

આમ, જમીનની ફળદ્રુપતામાં ઘટાડો, તાપમાનમાં વધારો-ઘટાડો અને ઋતુ પરિવર્તન જેવી મુશ્કેલીઓના કારણે પ્રતિકૂળ અસર પડે છે. જેથી ખેતરના પાકોની ઉત્પાદન ક્ષમતા ધીરે ધીરે ઘટતી જાય છે. આવી જૂદી-જૂદી સમસ્યાઓને પહોંચી વળવા કૃષિ ક્ષેત્રે થયેલા સંશોધનોના ઉપયોગ થકી માલદેભાઈ નફો રળી રહ્યાં છે.

**ક્રોપ કવર માટે સરકાર દ્વારા અપાય છે સહાયઃ**

ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા વખતોવખત જાહેર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિકેતા પાસેથી આ ક્રોપ કવર ની ખરીદી કરવાની હોય છે. શાકભાજી પાકો માટે ૩ૅઇ-૨ યુનિટ કોસ્ટ અંતર્ગત ક્રોપ કવર સહાય માટે મહત્તમ રૂા. ૫૦,૦૦૦/પ્રતિ હેક્ટર ખર્ચના ૫૦% કે મહત્તમ રૂા.૨૫,૦૦૦/-પ્રતિ હેક્ટરની મર્યાદામાં, બે માંથી જે ઓછું હોય તે સહાય ખેડૂતને મળવાપાત્ર રહેશે.

ખાતાદીઠ અને લાભાર્થીદીઠ ઓછામાં ઓછા ૦.૨૦ હેકટરથી મહત્તમ ૨.૦૦ હેકટર સુધીના વાવેતરમાં ઉપયોગ કરેલ કવર/બેગ માટે આજીવન એકવાર સહાય મળવાપાત્ર રહેશે.

### રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# ૧/૧/૨૪ થી નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીઓને હવે મળશે આ લાભ

**રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકારે નિવૃત્તિ અને મૃત્યુ ગ્રેચ્યુઈટીની મર્યાદા ૨૫ ટકા વધારી ૨૫ લાખ કરી છે**

ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારે એક મોટો નિર્ણય લેતા કર્મચારીઓને મોટી ભેટ આપી છે. તેના અધિકારીઓ અને કર્મચારીઓના હિતોને ધ્યાનમાં રાખીને રાજ્યની ભૂપેન્દ્ર પટેલ સરકારે નિવૃત્તિ અને મૃત્યુ ગ્રેચ્યુઈટીની મર્યાદા ૨૫ ટકા વધારીને ૨૫ લાખ રૂપિયા કરી છે. મહત્વનું છે કે, અગાઉ ગુજરાત સરકારના કર્મચારીઓને નિવૃત્તિ પર નિવૃત્તિ અને મૃત્યુ ગ્રેચ્યુઈટી તરીકે માત્ર ૨૦ લાખ રૂપિયાની મહત્તમ મર્યાદા ચૂકવવામાં આવતી હતી. સરકારના આ નિર્ણયથી હવે ગુજરાતના સરકારી કર્મચારીઓને ૨૫ લાખ રૂપિયા સુધીની ગ્રેચ્યુઈટી આપવામાં આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ગુજરાતના લાખો કર્મચારીઓને ફાયદો થશે.

ગુજરાત સરકારના આ નિર્ણય બાદ રાજ્યના સરકારી કર્મચારીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેટલી ગ્રેચ્યુઈટી મળશે. રાજ્ય સરકારના કર્મચારીઓની ગ્રેચ્યુઈટી વધારવાના નિર્ણયને કારણે ગુજરાત સરકારે દર વર્ષે ૫૩.૧૩ કરોડ રૂપિયા વધારાનો ખર્ચ કરવો પડશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી નિવૃત્ત થતા તમામ ગુજરાત સરકારના કર્મચારીઓને ગ્રેચ્યુઈટી મર્યાદામાં વધારોનો લાભ મળશે. જો કે, આ મર્યાદા ૧ જાન્યુઆરી, ૨૦૨૪ પહેલા નિવૃત્ત થયેલા કર્મચારીઓ માટે લાગુ થશે નહીં.

અન્ય એક નિર્ણયમાં, ગુજરાત સરકારે રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો કરવાની પણ જાહેરાત કરી છે. આ જાહેરાત સાથે ગુજરાત સરકારમાં કામ કરતા લોકોને હવે મૂળ પગારના ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મળશે. ૧ જુલાઈ, ૨૦૨૪થી કર્મચારીઓને મળતા પગારમાં ડીએમાં વધારો કરવામાં આવશે.

જુલાઈથી નવેમ્બર સુધીનું બાકી ડીએ ડિસેમ્બરના પગાર સાથે ચૂકવવામાં આવશે. જ્યારે તે પેન્શનરોને જાન્યુઆરી ૨૦૨૫માં ચૂકવવામાં આવશે. ડીએ વધારવાના નિર્ણયથી રાજ્યના ૯ લાખથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થશે.

### ભારત-પાકિસ્તાનના નૌકાદળનું દિલધડક રેસ્ક્યૂ

# પાકિસ્તાનની મદદથી ૧૨ ભારતીયને બચાવવામાં આવ્યા

**પોરબંદરથી એક વેપારી જહાજ ઈરાનના અબ્બાસ બંદરે જઈ રહ્યું હતું ત્યારે જહાજ ઉત્તર અરબી સમુદ્રમાં ડૂબી ગયું હતું**

પોરબંદર, તા. ૬

ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાતના એક વેપારી જહાજના ૧૨ ક્રૂ સભ્યોને બચાવ્યા છે. પોરબંદરથી એક વેપારી જહાજ ઈરાનના અબ્બાસ બંદરે જઈ રહ્યું હતું ત્યારે જહાજ ઉત્તર અરબી સમુદ્રમાં ડૂબી ગયું હતું. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે 'MSV અલ પીરાનપીર' જહાજ બુધવારે ભારતીય જળસીમાની બહાર પાકિસ્તાનના શોધ અને બચાવ ક્ષેત્રમાં ડૂબી ગયું હતું. તેથી, ભારતીય કોસ્ટ ગાર્ડે પાકિસ્તાન મેરીટાઈમ સિક્યોરિટી એજન્સી (PMSA) સાથે મળીને બચાવ કામગીરી હાથ ધરી હતી. બચાવ મિશનમાં ભારતીય કોસ્ટ ગાર્ડ અને PMSA વચ્ચે ગાઢ સહયોગ જોવા મળ્યો હતો, જેમાં બંને દેશોના મેરીટાઈમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર્સ (MRCC) સમગ્ર ઓપરેશન દરમિયાન સતત સંચાર જાળવી રાખતા હતા.

આ વેપારી જહાજ પોરબંદરથી ઈરાની બંદર માટે ૨ ડિસેમ્બરે સામાન્ય કાર્ગો સાથે રવાના થયું હતું. બુધવારે સવારે દરિયામાં તોફાન અને પૂરના કારણે તે ડૂબી ગયું હતું. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના MRCC, મુંબઈ દ્વારા એક ડિસ્ટ્રેસ કોલ આવ્યો હતો, જેણે ગાંધીનગર ખાતેના CG રિજનલ હેડક્વાર્ટર (ઉત્તર પશ્ચિમ)ને તાત્કાલિક ચેતવણી આપી હતી. ICG જહાજ સાર્થકને તાત્કાલિક નિર્ધારિત સ્થળે મોકલવામાં આવ્યું હતું. આ વિસ્તારના ખલાસીઓને ચેતવણી આપવા માટે એમઆરસીસી પાકિસ્તાનનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમની સહાય તરત જ પૂરી પાડવામાં આવી હતી. બાદમાં, જહાજ સંભવિત સ્થાન પર પહોંચ્યું અને વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. વધુમાં જાણવા મળ્યું હતું કે, ૧૨ ક્રૂ સભ્યો, જેમણે તેમના જહાજને છોડી દીધું હતું અને નાની હોડીમાં આશ્રય લીધો હતો, તેઓને દ્વારકાથી લગભગ ૨૭૦ કિમી પશ્ચિમમાં, પાકિસ્તાનમાં શોધ અને બચાવ વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવ્યા હતા. પીએમએસએ એરક્રાફ્ટ અને વેપારી જહાજ એમવી કોસ્કો ગ્લોરી દ્વારા બચી ગયેલા લોકોની શોધમાં મદદ કરવામાં આવી હતી.

બચાવ કરાયેલા ક્રૂ મેમ્બર્સની સાર્થક પરની મેડિકલ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને તેઓની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું હતું. તેઓને પોરબંદર બંદર પર પાછા લઈ જવામાં આવી રહ્યા છે, એમ એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે.

### ૨,૯૮૮ દવાઓ ખાવા લાયક છે જ નહીં!

# સરકારી આંકડાઓ મુજબ ૨૮૨ દવા તો નકલી નીકળી

નવી દિલ્હી, તા.૬

જો તમે બીમાર પડ્યા પર દવા લેવી પડી હોય, તો કદાચ તમે કેટલીક ખરાબ ગુણવત્તાની કે નકલી દવા પણ લીધી હોય. હા, સરકાર દ્વારા પરીક્ષિત દવાઓના આંકડાઓ તમને આવું વિચારવા મજબૂર કરે છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના સરકારી આંકડાઓ મુજબ, કુલ ૧,૦૬,૧૫૦ દવા નમૂનાઓમાંથી ૨,૯૮૮ને પ્રમાણભૂત ગુણવત્તાનું ન ગણવામાં આવ્યું. ઈકોનોમિક ટાઈમ્સની ખબર અનુસાર, આ પરીક્ષણમાં ૨૮૨ દવાઓ નકલી મળી આવી. ખબર મુજબ, નકલી દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ માટે ૬૦૪ કેસોમાં ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કેન્દ્રીય ઔષધિ ધોરણ નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)ના આંકડાઓ અનુસાર, દેશમાં લગભગ ૧૦,૫૦૦ એકમો છે જે વિવિધ પ્રકારના ડોઝ ફૉર્મ અને એપીઆઈનું ઉત્પાદન કરી રહ્યાં છે. સરકાર નકલી અને ઘટિયા દવાઓ સામે મોટો અભિયાન ચલાવી રહી છે. સરકાર જુદા જુદા રાજ્યોમાં દવા કંપનીઓ પર ધાડ પાડી રહી છે અને જે નિયમનનું ઉલ્લંઘન કરતા જણાયા છે, તેઓને કારણ દર્શાવો નોટિસ આપવામાં આવી છે. આ મામલે સંકળાયેલ એક અધિકારીનું કહેવું છે કે હાલ સુધીમાં ૫૦૦ કરતાં વધુ સાઈટ્સ પર જોખમ-આધારિત તપાસ કરવામાં આવી છે. આ જોખમ-આધારિત તપાસોના આધારે રાજ્ય લાઈસન્સિંગ સત્તાઓ દ્વારા કારણ દર્શાવો નોટિસ આપવા, ઉત્પાદન રોકવાના આદેશ, નિલંબન, લાઈસન્સ કે ઉત્પાદન લાઈસન્સ રદ કરવા જેવી કાર્યવાહી કરવામાં આવી છે. નકલી અને ખરાબ દવાઓ સામે કાર્યવાહી કરવા માટે DCGIએ આ પગલું ભર્યું હતું. નિયમોનું પાલન ન કરનાર કંપનીઓને બંધ કરી દેવામાં આવી. ગયા સપ્ટેમ્બરમાં ઈન્ડિયન ફાર્મસ્યૂટિકલ એસોસિએશન (IPA)એ કહ્યું હતું કે નકલી ઉત્પાદોને કાયદેસર ઉત્પાદકો સાથે જોડવાથી તેઓના સ્ટેટસ અને નાણાંકીય સ્થિતિ પર ગંભીર અસર પડે છે. આ નિવેદન કેન્દ્રીય ઔષધિ ધોરણ નિયંત્રણ સંગઠન (સીડીએસસીઓ)ની એક અહેવાલ વચ્ચે આવ્યું, જેમાં ૫૦ કરતાં વધુ ઉત્પાદોને ન્યૂનતમ ગુણવત્તા (NSQ) તરીકે ઓળખવામાં આવ્યા. સન ફાર્મા, ટોરંટ ફાર્મા, એલ્કેમ લેબોરેટરીઝ અને ગ્લેનમાર્ક સહિત વિવિધ દવા કંપનીઓએ કેન્દ્રીય ઔષધિ નિયામક સત્તાની અહેવાલમાં ચિહ્નિત દવાઓને નકલી ગણાવી અને કહ્યું કે તેઓએ આ દવાઓ નથી બનાવી.

# પડધરીના ખામટામાં ૧૫ વર્ષથી ચાલતી ધતીંગલીલા બંધ કરાવતું વિજ્ઞાન જાથા : ખામટા ભુવાની પાપલીલાનો ભાંડાફોડ કરતું વિજ્ઞાન જાથા



**દોરા-ધાગા કરી, દાણા પીવડાવી મજબુરને ભ્રમિત કરતો ઝડપાયો : રૂપિયા મેળવી દાણાને ઉલટાવી સુલટાવી મહિલાને શોષણ માટે ધકેલતો હતો : મેટોડાના નાગજી પુંજા સાથેનો ઘરોબો બહાર આવ્યો : રૂપિયા બે હજારથી પચાસ હજારની ફી વસુલતો હતો : લોટના પૂતળા, ઉતાર કરવો, લીંબુ-મરચા, શ્રીફળની વિધિ કરાવતો હતો**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૬

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખામટા ગામનો ભુવો હકા દેવા સાનીયાની ૧૫ વર્ષથી ચાલતી ધતિંગલીલા, પાપલીલાનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે પડધરી પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૯ મો સફળ પર્દાફાશ કર્યો હતો. લોટના પૂતળા, ઉતાર કરવો, દોરા બાંધવા, જુવારના દાણા પીવડાવી યેનકેન શોષણના માર્ગે ધકેલી પાપાચાર આચરતા ઝડપાયો હતો. રૂપિયા બે હજારથી પચાસ હજારની વિધિની ફી વસુલી લોકો સાથે છેતરપિંડી કરતો હતો. બનાવની વિગત પ્રમાણે રાજકોટ ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી યુવતી દુષ્કર્મનો ભોગ બનતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ મેટોડાના વિરમ નાગજી સાનીયા સામે દાખલ કરવામાં આવી હતી. ખામટાના ભુવા હકા દેવા સામે દોરો બાંધવા, જુવારના દાણા પીવડાવાથી પીડિતાને અનેકગણી તકલીફ પડી હતી. તેમાં નાગજી પુંજા સાનીયાએ વિરમને બચાવવા ભુવાનો આડકતરો સહારો લીધો હતો તેવા કથન સાથે ચોંકાવનારી માહિતી જાથા સમક્ષ જાહેર કરી હતી. ભુવો હકા દેવા ઓનલાઈન, કોન્ફરન્સમાં દોરા બાંધવા વિગેરે વિધિ કરાવતો હતો. ખામટાથી ૩ કિલોમીટર દૂર વાડી વિસ્તારમાં જુના મચ્છુ માતાના મઢે આ ભુવો યેનકેન પીડિતો સાથે છેતરપિંડી કરતો હતો. રૂપિયા બે હજાર થી પચાસ હજારની ફી વસુલી ધાર્યું કામ પાર પડાવતો હતો. શ્રદ્ધાળુઓને લીંબુ-મરચા, શ્રીફળ, ચાંદીની વસ્તુ, ઉતારની વસ્તુઓ મંગાવી નદીમાં પધરાવી રૂપિયા ખંખેરતો હતો. અંદરોઅંદર ઝઘડા કરાવવા, વિધિની વસ્તુઓ ખરીદવા એડવાન્સમાં નાણા વસુલવા, પ્રેમ પ્રકરણમાં યુવક-યુવતિની પરિસ્થિતિનો લાભ લઈ નાણા વસુલતો હતો. ભાગીને આવેલા યુગલોનું રક્ષણનું કામ કરી દેતો હતો. પીડિતાએ પોતાની આપવિતીમાં માહિતી રજૂ કરી હતી. જાથાના કાર્યાલયે ભુવાના કરતતો સંબંધી હકિકત આવી હતી. પીડિતાએ ભુવા હકા દેવા અને નાગજી પુંજાના પરિવારની હકિકત આપી હતી. પોતાની દયનીય હાલતમાંથી બોધપાઠ મેળવી બીજી મજબુર મહિલા ભોગ ન બને તેવા હેતુથી વાત કરી હતી. જાથાના જયંત પંડયાએ પીડિતાની હકિકતની ખરાઈ કરવા ખામટા ગામે ભુવાના ઘરે ભાનુબેન ગોહિલ, પ્રકાશ મનસુખભાઈ યુવકને મોકલતા ભુવા દોરા-ધાગા, દાણા એકી-બેકી પાડવા સંબંધી પુરાવા મેળવી લીધા હતા. ભુવાએ વિધિ-વિધાનના રૂપિયા બે હજારની માંગણી કરતાં આપી દીધા હતા. ભુવાના પર્દાફાશનો માર્ગ મોકળો થયો હતો. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ મુખ્યમંત્રી, ઉચ્ચ અધિકારીઓ, પોલીસ મહાનિરીક્ષક, એસ.પી. વિગેરેને પત્ર પાઠવી ખામટાના ભુવાના પર્દાફાશ માટે, ગુન્હો બનતો અટકાવવા પોલીસ મદદની માંગણી કરી હતી. પડધરી પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલવામાં આવી હતી. રાજકોટથી જયંત પંડયાના નેતૃત્વમાં રોમિતભાઈ રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, રમેશ જાદવ, હિરેન પડધરીયા, પ્રકાશ મનસુખભાઈ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકરો પોલીસ સ્ટેશનમાં પહોંચી ગયા. જયાં પો. ઈન્સ. એસ. એન. પરમારને રૂબરૂ હકિકત જણાવતા તેમણે એ.એસ.આઈ. ભગીરથસિંહ જાડેજા, હેડ કોન્સ્ટે, વિરેન્દ્રસિંહ ઝાલા, પો.કોન્સ્ટે. ભારતીબા સરવૈયા, પો.કોન્સ્ટે. અશોકભાઈ વિનુભાઈ, પો.કોન્સ્ટે. સાગરભાઈ ખટાણા, પો.કોન્સ્ટે. વસંતભાઈ ભુંડિયા સહિત પોલીસ વાન જાથાને ફાળવી દીધું. જાથાના જયંત પંડયા તેની ટીમ અને પોલીસ સ્ટાફ ખામટાથી ૩ કિલોમીટર અંદર વાડી વિસ્તારમાં માતાના મઢે પહોંચી ગયા. જયાં ભુવો હકા દેવા મજબુર લોકો માટે વિધિ-વિધાન કરતો હતો. ભુવાના પહેરવેશમાં ઉતાર વિધિ તળાવથી પરત આવતો હતો. માતાના મઢે પરિચય આપી ભુવાને કાયમી ધતિંગલીલા બંધ કરાવવા આવ્યા છીએ. મેળવેલા પુરાવા બતાવવામાં આવ્યા. ભુવો પરિસ્થિતિ પામી તુરંત જાથાના ઘૂંટણીયે પડી ગયો. માફી માંગી હવે પછી ધતિંગ બંધની ખાત્રી આપવા લાગ્યો. ભુવાને નાગજી પુંજા સાનીયા બાબતે પુછતા વિક્રમ રૂબરૂમાં માથાકુટ કરતો હતો, તે મેં જોયું. દોરા-જુવાર ખવડાવવા બાબતે કશું જ જાણતો નથી. મારા કુટુંબીજનો થાય છે. માથું દુઃખે તો દોરા બાંધુ છું. જુવારના દાણા, માંડવામાં ધૂણું છું, દુઃખી લોકો માટે કામ કરું છું. બે દિવસ પહેલા જોવડાવવા આવેલા લોકો પાસે વિધિના બે હજાર લીધા છે. તેમની પાસે દસ હજાર ઉછીનાની માંગણી કરી છે. ઉતારવિધિ, શ્રીફળ, કાળું કપડું ચોકમાં મુકવાની વિધિ કરૂ છું. પોતાને આપત્તિના સમયે મચ્છુ માતા મદદે આવ્યા નહિ તેનો અફસોસ વ્યકત કરતો હતો.

લોકોની માફી, કબુલાતનામું આપવા તૈયાર થઈ ગયો. કબુલાતનામામાં હું હકાભાઈ દેવાભાઈ સાનીયા, ઉ.વ. ૫૦, ધંધો રીક્ષા, લોકોના દુઃખ-દર્દ મટાડવા સાથે ભુવાપણું કરૂ છું. આજથી ઉતાર કરવું, દોરા બાંધવા, દાણા ખવડાવવા વિગેરે વિધિ-વિધાન બંધની કાયમી જાહેરાત કરી માફી માગુ છું. જાથાના ચેરમેન જયંત પંડયાને પોલીસ સ્ટેશને ભુવાની ભલામણ માટે ગામના સરપંચ, તેના સગા-સંબંધી રૂબરૂ આવ્યા હતા. તેમણે ભુવા હકા દેવાથી નારાજગી બતાવી, અમે અંધશ્રદ્ધા બંધ થાય તેની તરફેણમાં છીએ. આખું ગામ ભુવાથી નારાજ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે અટકાયતી પગલા ભરવાની કાર્યવાહી શરૂ કરી હતી. જાથાના પંડયાએ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક, જિલ્લા પોલીસ વડા, ગોંડલ ડી.વાય.એસ.પી. પડધરી પોલીસ સ્ટેશનના ઈન્સ. પરમારનો વિશેષ આભાર માન્યો હતો. વિજ્ઞાન જાથાએ ખામટાનો ભુવા હકા દેવાના પર્દાફાશમાં જાથાના રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, ભાનુબેન ગોહિલ, હિરેન પડધરીયા, રમેશ જાદવ અને પોલીસ સ્ટાફના કર્મચારીઓ જોડાયા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી સંચાલિત મનુભાઈ વોરા ઓપન એર થિયેટર સ્વામી શ્રી પરમાત્માનંદજીના વરદ હસ્તે ખુલ્લું મુકાશે



સ્વામી પરમાત્માનંદજી, ડૉ. દર્શિતાબેન શાહ, મનિષ રાડીયા, ડૉ. કલ્પક ત્રિવેદી, મિત્તલ ખેતાણી, અજય જોશી, પ્રો.જયદીપસિંહ ડોડિયા, સજી મેથ્યુ, કૌશિક મહેતા, અલ્કાબેન વોરા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૬

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં સિઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલા શ્રી મનુભાઈ વોરા ઓપન એર થિયેટરનું તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના ગુરૂવારના રોજ સાંજે સાડા છ વાગ્યે ઉદઘાટન કરવામાં આવશે. પોતાનો ખૂબજ અમૂલ્ય સમય ફાળવીને ખાસ ઉપસ્થિત રહેનાર આ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદઘાટક આર્ષ વિદ્યા મંદિર, મુંજકા આશ્રમના સ્વામી ડો. પરમાત્માનંદ સરસ્વતીજીના વરદ હસ્તે શ્રી મનુભાઈ વોરા ઓપન એર થિયેટર ખુલ્લું મુકવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડો. દર્શિતાબહેન શાહ, ધારાસભ્ય રાજકોટ, મનીષભાઈ રાડિયા, દંડક શાશક પક્ષ રાજકોટ મહાનગર પાલિકા, ડો. કલ્પકભાઈ ત્રિવેદી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ તેમજ કરૂણા ફાઉન્ડેશનના પ્રમુખ મિત્તલભાઈ ખેતાણી ઉપસ્થિત રહેશે. શ્રી મનુભાઈ વોરા ઓપન એર થિયેટર સીઝન્સ સ્કેવર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માતબર રકમથી નિર્માણ પામ્યું છે. આ થિયેટરનું સંચાલન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી કરશે. સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમોના આયોજન માટે આ ઓપન એર થિયેટર ઉત્તમ સ્થળ બની રહેશે. આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરા, વાઈસ ચેરમેન કૌશિક મહેતા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા અને ઉપપ્રમુખ ઉદ્યોગપતિ સજી મેથ્યુ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ પત્રકાર કૌશિકભાઈ મહેતા કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, ડો. અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, જિતેશકુમાર એમ. પંડિત, કૈલેશકુમાર તન્ના, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો.દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## અદાણી ડિફેન્સે ભારતીય નૌકાદળને દ્વિતીય 'દ્રષ્ટિ-૧૦' ડ્રોન સોંપ્યું



**સતત ૩૬ કલાક સુધી દુશ્મનો પર ચાંપતી નજર રાખશે**

અમદાવાદ, તા.૬

દેશની દરિયાઈ સુરક્ષા ક્ષમતાને વધારવા અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ દ્વારા ભારતીય નૌકાદળને બીજું દૃષ્ટિ-૧૦ સ્ટારલાઈનર સર્વેલન્સ ડ્રોન સોંપવામાં આવ્યું છે. દ્રષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોન (UAV) હૈદરાબાદ સ્થિત અદાણી ગ્રૂપના એકમઅદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ ખાતે બનાવવામાં આવ્યું છે. દૃષ્ટિ-૧૦ એક હાઈ-ટેક ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ (ISR) પ્લેટફોર્મ છે. તેની ટકાઉ ક્ષમતા ૩૬ કલાક અને પેલોડ ક્ષમતા ૪૫૦ કિલો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતના પોરબંદરમાં ઈન્ડિયન નેવીની મેરીટાઇમ કામગીરીમાં બીજા UAVનો સમાવેશ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. તે ઈઝરાયેલના હર્મેસ ૯૦૦ મધ્યમ-ઊંચાઈવાળા UAV નું સંસ્કરણ છે અને લાંબા ગાળાની કામગીરીમાં ટકી રહેવા સક્ષમ છે.શિપિંગ લાઈનો ઉપર દેખરેખ રાખવા અને ચાંચિયાગીરીના જોખમોને ઘટાડવામાંતે ભારતના દરિયાઈ દળોની ક્ષમતામાં વધારો કરે છે.

અદાણી ડિફેન્સે અગાઉ ચાલુ વર્ષે જૂનમાં ભારતીય સેનાને દૃષ્ટિ-૧૦ સ્ટારલાઈનર ડ્રોન સોંપ્યું હતું. સેના તેને પંજાબ સ્થિત ભટિંડા બેઝ પર તૈનાત કરશે.તેનો ઉપયોગ પાકિસ્તાન સાથેની પશ્ચિમી સરહદ પર નજર રાખવા માટે કરી શકાય છે. દૃષ્ટિ-૧૦ સ્ટારલાઈનર નાટો 'સ્ટેનાગ ૪૬૭૧' પ્રમાણપત્ર પ્રાપ્ત એકમાત્ર માનવરહિત લશ્કરી પ્લેટફોર્મ છે.તેલશ્કરી UAVને અન્ય નાટો સભ્યોની એરસ્પેસમાં કામ કરવાની મંજૂરી આપે છે.સંરક્ષણ તકનીકમાં આત્મનિર્ભરતા તરફની ભારતની સફરમાં આએક નિર્ણાયક ક્ષણ છે.

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ વૈશ્વિક બજારોમાં નિકાસ કરવા ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રની સૈન્ય UAV ઉત્પાદન કંપની છે.

ભારતમાં પ્રથમ ખાનગી નાના શસ્ત્રો ઉત્પાદન અને પ્રથમ ખાનગી ક્ષેત્રની દારૂગોળો ઉત્પાદન કરતી કંપની સહિતની અનેક સિદ્ધિઓમાં હાંસલ કરવામાં અદાણી ડિફેન્સ અગ્રેસર છે.

## દ્વારકાના રૂપેણ બંદરે હોડી પાર્ક કરવા બાબતે બે પરિવારો વચ્ચે અથડામણ : ૨૬ ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૬

દ્વારકાના રૂપેણ બંદર ખાતે માચ્છીમારીનો વ્યવસાય કરનારા માચ્છીમારો પૈકીના પટેલીયા અને ભેંસલીયા પરિવારો વચ્ચે હોડીના પાર્કિંગ કરવા બાબતે બબાલ થતાં જોતજોતામાં વિવાદે ગંભીર રૂપ ધારણ કરતાં માથાકુટ જૂથ અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. જેમાં બંને તરફથી ૨૬ જેટલા શખ્સોને ઈજાઓ પહોંચી હતી જેમને દ્વારકા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી બેથી વધુ વ્યકિતની ઈજા વધુ ગંભીર હોય જામનગર ખાતે રીફર કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ૨૧ દિવસ સુધી ચાલનારા અન્નપૂર્ણા વ્રતનો શનીવારથી પ્રારંભ

આવતીકાલ માગસર સુદ છઠ્ઠને શનીવાર તા.૭ ડિસેમ્બરથી અન્નપૂર્ણા વ્રતનો પ્રારંભ થશે. ૨૧ દિવસનું આ વ્રત છે એકવીસમાં દિવસે વ્રતની પુર્ણાહુતિ કરાય છે.

વ્રતધારીએ શનિવારે સવારના નિત્યકર્મ કરી ત્યારબાદ પૂજામાં અન્નપૂર્ણામાંની પ્રતિમા રાખી દીવો, અગરબતી કરી ત્યારબાદ ગણપતિદાદાને ચાંદલો, ચોખા કરી કુળદેવી માતાજીને ચાંદલો ચોખા કરવા ત્યારબાદ અન્નપૂર્ણા માતાજીને ચાંદલો ચોખા કરી થોડા અબીલ-ગુલાલ, કંકુ અર્પણ કરવા માતાજીને લાલ ચુંદડી ઓઢાડી ફુલ ચડાવવું વ્રતધારી એ સુતર દોરા ને ૨૧ ગાઠ મારી અને જમણા હાથ ઉપર ધારણ કરવો અથવા ગળામાં ધારણ કરવો દોરો ધારણ કરતી વખતેશ્રી અન્નપૂર્ણાય નમઃ સતત જપ કરવા. એકવીસ દિવસ એકટાણું અથવા ઉપવાસ કરવો લસણ-ડુંગળીનો ત્યાગ કરવો અને દરરોજ સવારે માતાજીની પૂજા અને કથા સાંભળવી અથવા વાંચવી.

**વ્રતના નિયમો** : દરરોજ પૂજા અને કથા સાંભળવી, સત્ય બોલવું, ક્રોધ કરવો નહિ, લસણ-ડુંગળીનો ત્યાગ કરવો, કોઈનું અપમાન કરવું નહિ, શકિત પ્રમાણે દાન દેવુ, હિંસા કરવી નહિ.

**મંત્ર** : ૐ સત્ ચિત્ આનંદમયી ભગવતી અન્નપૂર્ણાયૈ નમઃ ૨૧ દિવસ સુધી મંત્રનો જાપ કરી શકાય છે. એકવીસમાં દિવસે બાળકો અને બ્રાહ્મણોને ભોજન કરાવી શકાય છે. અન્નપૂર્ણા માતા નુ વ્રત ગમે તેટલા વર્ષ રહી શકાય છે. છતાં પણ જો ઉજવણું કરવું હોય તો પાંચ વર્ષે કરી શકાય ઉજવણામા બ્રાહ્મણ દંપતિને જમાડવા વ્રત પૂર્ણ થયા બાદ દોરો જળમાં પધરાવી દેવો.

માગસર વદ બારસને શુક્રવારે ૨૭ ડિસેમ્બર ના દિવસે વ્રતની પુર્ણાહુતિ કરવી. દેવી અન્નપૂર્ણાની આરાધનાથી દરિદ્રતાનો નાશ થાય છે. રિધ્ધિ-સિધ્ધિ આવે છે ઘરમાં અનાજ કદી ખુટતુ નથી નિઃસંતાનોને સંતાન પ્રાપ્તિઃ થાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન), રાજકોટ.**

## ખંભાળિયા નજીકના ગ્રામ્ય વિસ્તારમાં કૂવામાંથી મહિલાનો મૃતદેહ સાંપળ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા તાલુકાના કંડોરણા ગામે આવેલા એક આસામીની વાડીમાં રહેલા પાણી ભરેલા એક કૂવામાં એક મૃતદેહ પડ્યો હોવા અંગેની જાણ સ્થાનિક સરપંચ દ્વારા ખંભાળિયાના ફાયર વિભાગને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર સ્ટાફના શિવરાજસિંહ, જયપાલસિંહ અને વિવેક માડમ આ સ્થળે દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ કૂવામાંથી એક મહિલાનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આશરે ૪૫ વર્ષના મહિલાનું નામ જીવીબેન ભુંડીયા હોવાનું જાહેર થયું છે. જ્યારે મૃત્યુનું કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

## ખંભાળિયામાં યોજાયેલી સાત દિવસની ભાગવત સપ્તાહમાં ધાર્મિક તેમજ સામાજિક કાર્યો કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયામાં જાયન્ટસ ગ્રુપ દ્વારા તાજેતરમાં અત્રે બંગલાવાડી વિસ્તારમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ બહુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા હોમ ગાર્ડઝ તેમજ હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા દ્વારકા જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ સંદીપભાઈ ખેતિયાના યુવાન પુત્ર કેશવ ખેતીયાની પૂર્ણ સ્મૃતિમાં સતત સાત દિવસ સુધી ભાગવત સપ્તાહ ની સાથે સમાજ ઉપયોગી કાર્યો પણ કરવામાં આવ્યા હતા. જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ સંદીપ ખેતિયાના માર્ગદર્શન હેઠળ "બેટી બચાવો, બેટી પઢાવો" કેન્સર અવેરનેસ તેમજ સર્વરોગ નિદાન કેમ્પમાં ડો. જાગૃતીબેન જાદવ, ડો. ભરતભાઈ જાદવ, બાળ રોગ નિષ્ણાંત ડો. સુનિલભાઈ ઠક્કર અને ડો. મીનલબેન ઠક્કર, ડો. નિરવભાઈ રાયમગીયાના નેત્ર ચેકઅપનો કેમ્પ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના જુદા જુદા કેમ્પમાં સેવા કાર્યો કરાયા હતા. આ પછી એવોર્ડ વિતરણ અને બ્લડ ડોનેશન કેમ્પ, વ્યસન મુક્તિ કેમ્પ, ગરીબ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવી જેવા જુદા જુદા સમાજ ઉપયોગી પ્રોજેકટના આયોજનો થયા હતા. આમ સતત સાત દિવસના જુદા જુદા પ્રોજેકટોમાં ગુજરાત રાજ્યના માજી મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા તેમજ રાજકોટ સ્વામિનારાયણ મંદિરના મહંત શ્રી રાધા રમણદાસજી, જિલ્લા પંચાયતના સદસ્ય એભાભાઈ કરમુર વિગેરે સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હોમ ગાર્ડઝના પૂર્વ તાલુકા ઓફિસર કમાન્ડિંગ મલકાન, ફિરોજભાઈ બલોચ, જીગ્નેશ પંડ્યા, વિગેરેએ જહેમત ઉઠાવી હતી. સાથે જિલ્લાભરના તમામ કમાન્ડિંગ ઓફિસરો દ્વારકાના ચેતનભાઈ, ભાણવડના નવલસિંહ, વાડીનારના ધનસિંગ, ખંભાળિયાના કિશનભાઈ, મીઠાપુરના માણેકભાઈ વિગેરે કમાન્ડિંગ ઓફિસરોએ હાજરી આપી હતી. સાત દિવસના આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે જાયટન્સ ગ્રુપના હોદેદારો પ્રમુખ હેલીબેન ખેતિયા, દિલીપભાઈ વ્યાસ, રવિભાઈ દવે, ઈલાબેન વાઢેર, બિનલબેન જોશી, સ્કાઉટ એન્ડ ગાઈડના રામદેભાઈ જોગલ વિગેરેએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.


**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ ઉકરડા વરજાંગ બારીયા હતું જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ ઉકરડા વરજાંગ રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી

સરનામું
ઉકરડા વરજાંગ
મકાન નં.૨૯૪૧, ખજુરીયા શેરી,
વણાંકબારા-દીવ પીન કોડ નં.૩૬૨૫૭૦

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ જીવીબાઈ ઉકરડા બારીયા હતું જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ જીવી બાઈ રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી

સરનામું
જીવી બાઈ
મકાન નં.૨૯૪૧, ખજુરીયા શેરી,
વણાંકબારા-દીવ પીન કોડ નં.૩૬૨૫૭૦

**મહાનગર સેવા સદન, જૂનાગઢ**
**વોટર વર્કસ શાખા**
**ઇ-ટેન્ડર નિવીદા નં.૧૫/૨૦૨૪-૨૫**
**(બીજો પ્રયત્ન)**

મ.ન.પા.જૂ./વો.વ.જા.નં.૯૯૧ તા.૦૪/૧૨/૨૪

કમિશ્નરશ્રી, જૂનાગઢ મહાનગર સેવાસદન, "સ્વામી વિવેકાનંદ ભવન", આઝાદ ચોક, જૂનાગઢ ફોન નં.(૦૨૮૫) ૨૬૫૩૩૮૬ વોટર વર્કસ વિભાગ દવારા જૂનાગઢ શહેરી વિસ્તારમાં "સર્વે એન્ડ ડેટા કલેકશન વર્ક ફોર ફલડ સ્ટડી ઓફ જૂનાગઢ" ની કામગીરી કરતી એજન્સીઓ કે ઇજારદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ઓફર રેટથી ભાવો માંગવામાં આવે છે.

ઓન લાઇન ટેન્ડર ભરવા તેમજ ભરેલ ટેન્ડરો ઓન લાઇન મુકવા સબંધીત વધુ વિગત website: https://tender.nprocure.com ઉપરથી કચેરીના કામકાજના દીવસો દરમ્યાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધી જાણવા મળશે. ઓન લાઇન ભરેલ ટેન્ડર અંગેના દસ્તાવેજો કામનું નામ લખી ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કમિશ્નરશ્રીની કચેરીએ નિયત સમય મર્યાદામાં મોકલવાના રહેશે અને પોસ્ટથી રવાના કરેલ દસ્તાવેજો જો મોડા મળશે તો તે અંગેની કોઇ જવાબદારી કચેરીની રહેશે નહી. ટેન્ડર ફી અંગેનો ડી.ડી. તથા બાનાની રકમ (ઇ.એમ.ડી.) નો એફ.ડી.આર. તથા ડી.ડી. અન્ય દસ્તાવેજ ઓન લાઇન ટેન્ડર ભરતી વખતે સોફટ કોપીમાં સાથે રાખવાના રહેશે અન્યથા ટેન્ડર ઓન લાઇન ખોલવામાં આવશે નહી. ઓન લાઇન આવેલ ટેન્ડરો શકય હોય તો હાજર રહેલ ઇજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામ અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

Due Date:09/12/24 Last Date - 23/12/24

| | |
|---|---|
| કોરા ભાવ પત્રક ડાઉન લોડ કરવાની છેલ્લી તારીખ/સમય | તા.23/12/24 ૧૮-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રક ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ/સમય | તા.23/12/24 ૧૮-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ રજી. પોસ્ટથી સબમીટ કરવાની છેલ્લી તારીખ | તા.26/12/24 ૧૭-૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓન લાઇન ખોલવાની સંભવિત તારીખ/સમય | તા.27/12/24 ૧૨-૦૦ કલાક |


e-sign
(ડો. ઓમપ્રકાશ IAS)
કમિશ્નર
મહાનગરપાલિકા, જૂનાગઢ

માહિતી/જુના/જા.ખ./૬૮૪/૨૪

ભવનાથ મંદિર પાછળ આવેલા તનસુખગીરી બાપુના પ્લોટને હડપી લેવા માટે

# હરીગીરીએ ધાકધમકી આપી હરરાજી કરાવી લીધી હોવાનો મહેશગીરીનો આક્ષેપ

## એક વિવાદ હજુ સમતો નથી ત્યાં નવા અનેક ગતકડાઓ રોજબરોજ બહાર આવી રહ્યા છે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરીએ ગઈકાલે એક નિવેદન વિડીયોના માધ્યમથી આપેલ છે અને જેમાં ભવનાથના મહંત હરીગીરી સામે સતત મોરચો ખોલીને યુધ્ધ જારી રાખેલ છે અને વધુ એક જમીન અંગેના કૌભાંડમાં હરીગીરી સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરતા ભારે સનસનાટી મચી જવા પામી છે.

અંબાજી માતાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ અંબાજી મંદિર સહિતના ધાર્મિક સ્થળો ઉપર મહંત પદની નિમણુંકનો મામલો ગરમાગરમ બન્યો હતો. સતત ઉકળતા ચરૂ માફક ઉકળી ગયેલા આ મામલે સરકારે મધ્યસ્થી થઈ અને કલેક્ટરને સ્પષ્ટ સુચના આપ્યા બાદ વિવાદાસ્પદ બાબતને સુલજાવા પ્રયાસ કર્યો છે અને અંબાજી મંદિરના ધાર્મિક સ્થાન અંગે સીટી મામલતદારને હાલ પુરતો વહિવટ સોંપી દેવામાં આવ્યો છે. આ બાબત આટલેથી અટકતી નથી પરંતુ વધુને વધુ નીતનવા ગતકડાઓ સતત વહેતા રહ્યા છે.

આ દરમ્યાન ગઈકાલે મહેશગીરીએ વધુ એક વિડીયો વાયરલ કરી અને પોતાનું નિવેદન સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, ભવનાથમાં ભવનાથ મંદિર પાછળ પૂજ્ય તનસુખગીરી બાપુના ટ્રસ્ટનો એક પ્લોટ હતો અને આ પ્લોટ ઉપર ગેરકાયદેસર રીતે ધાકધમકી આપી કબ્જે કરી લેવાના ઈરાદા સાથે હરીગીરીએ કૌભાંડ આચરી અને આ પ્લોટ હડપી લીધો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ સાથે જ મહેશગીરીએ સ્પષ્ટતા પણ કરી છે કે, તનસુખગીરી બાપુના ટ્રસ્ટ અંતર્ગત જે પ્લોટ હતો તે પ્લોટ કોઈ વ્યક્તિગત રીતે ખરીદી ન શકે પરંતુ અન્ય ટ્રસ્ટમાં જાય તે સામાન્ય છે તેમ છતાં આ અંગે તેઓ અભ્યાસ કરી રહયા છે. ભવનાથ મંદિર પાછળ આવેલા તનસુખગીરી બાપુનાં ટ્રસ્ટનાં આ પ્લોટ બાબતે જુદા જુદા લોકોનાં તેઓને ફોન આવી રહયા છે ત્યારે તેઓએ ઘણી ચોંકાવનારી વિગત દર્શાવતો વિડીયો જારી કર્યો છે.

આ વિડીયોમાં મહેશગીરી બાપુએ ગંભીર પ્રકારનાં આક્ષેપો હરીગીરી ઉપર કર્યા છે. ભવનાથ મહાદેવ મંદિરનાં મહંત હરીગીરીએ પ્લોટ કબ્જે કરવા માટેનો જે કાંડ રચ્યો હોવાનું કહેવાય છે તે અંગે સનસનીખેજ વિગતો મહેશગીરીએ આપી છે. તેઓએ જણાવ્યું હતું કે પૂ. તનસુખગીરી બાપુએ એક પ્લોટ ટ્રસ્ટનાં માલીકી અંતર્ગત હતો. અને તનસુખગીરી બાપુ અહીં બહુમાળી બિલ્ડીંગ બનાવી અને સેવકો અને અનુયાયીઓ રહી શકે તે માટે બાંધકામ કરવાનાં હતાં. પરંતુ આ દરમ્યાન જ હરીગીરી મહારાજે ધાક-ધમકી, દબાણ આપી અને આ પ્લોટની હરરાજી કરવાની ફરજ પાડી હતી. અને આ પ્લોટ જો હરીગીરીએ પોતાના નામ ઉપર વ્યકિતગત રીતે કરાવી લીધો હોય તો મારો સવાલ એ છે કે હરીગીરી એમ કહે છે કે હું ફકત જોલો લઈને ફરૂં છું. તો પછી આ પ્લોટ ખરીદવાનાં પૈસા કયાંથી કાઢયા ? કોણે આપ્યા ? તે તમામ બાબત ઉંડી તપાસ માંગી લે છે.

જો હરીગીરીએ પ્લોટ ખરીધ્યો હોય અને પોતાનાં નામ ઉપર કર્યો હોય તો આ બાબત પણ તપાસનો વિષય બને છે. એટલું જ નહીં પ્લોટ અંગેનાં તમામ કાગળો હોય તે અંગેની ઉંડી તપાસ અને તટસ્થ તપાસ કરવામાં આવે તેવી મહેશગીરીએ માંગણી કરી છે અને આ પ્લોટ ભવનાથ અથવા અંબાજી મંદિરની માલિકીનો જ થવો જોઈએ તેમ પણ જણાવ્યું છે. વિશેષમાં તેઓએ જણાવ્યું હતું કે હરીગીરી દ્વારા આચરવામાં આવતાં એક પછી એક કૌભાંડો બહાર આવી રહયા છે. અને કેટલી હદે ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે તેની વિગતો પણ ખુલવા પામશે. અને હરીગીરી મહારાજ ઉપરનાં વધુ એક આક્ષેપને લઈને ભારે હલચલ મચી જવાની છે. પરંતુ ત્યાર પહેલા તટસ્થ અને ઝીણવટભરી અને પ્લોટ સંબંધી ઉંડાણ પૂર્વક તપાસ કરવા અંગે પણ મહેશગીરીએ જણાવ્યું હતું.

## જૂનાગઢમાં ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિસનર્સના નવનિયુક્ત રાષ્ટ્રીય પ્રમુખ સમીરભાઈ જાનીનો શપથવિધી સમારોહ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ મુકામે આગામી તારીખ ૧૪-૧૨-૨૦૨૪ના રોજ ધી ફર્ન(The Fern) ખાતે ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેક્ટિસનર્સ (AIFTP) જે ભારતના ૨૯ પ્રાંતો તથા ૩ કેન્દ્રશાસિત પ્રદેશના કર વ્યવસાયીકોનું પ્રતિનિધિત્વ કરતી દેશની મહત્વની સંસ્થા છે. આ સંસ્થા ૪૮ વર્ષથી કાર્યરત છે અને કરવેરા અંગેના વિવિધ મુદ્દાઓ અંગે સરકાર સાથે નિયમિત પરામર્શ કરતી રહે છે. સંસ્થાના સ્થાપક પ્રમુખ પદ્મશ્રી એન.એમ. પાલખીવાલા હતા. ૪૮ વર્ષના ઈતિહાસમાં દેશના વિવિધ તજજ્ઞો આ સંસ્થાના અલગ અલગ રાજયોમાંથી પ્રતિનિધિત્વ કરેલ છે. ૪૯માં વર્ષ માટે પ્રથમ વખત ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે સમીરભાઈ શરદભાઈ જાનીની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવેલ છે. આ નિયુક્તિથી ગુજરાતને એક અનેરૂ ગૌરવ પ્રાપ્ત થયેલ છે. રાષ્ટ્રીય પ્રમુખ તરીકેની સોગંદવિધિ સમારોહ જૂનાગઢ ખાતે તારીખ ૧૪-૧૨-૨૦૨૪ના રોજ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાન ઉપસ્થિત રહી સોગંદવિધિ સંપન્ન કરાવશે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ ભાર્ગવ ડી. કારીયા, પ્રણવ ત્રિવેદી તથા ગૌહાટી હાઈકોર્ટના ન્યાયાધીશ સૌમિત્ર સાયકયા ખાસ ઉપસ્થિત રહેશે. સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જસ્ટિસ અનિલ આર દવે પણ ઉપસ્થિત રહેશે. આ કન્વેન્શનમાં દેશના સિનિયર એડવોકેટ અરવિંદ દાતાર, પદમચંદ ખીચા, ડો. ગીરીશ આહુજા, કેવિન ગુલાટી, સૌરભ સોપારકર, મુકેશ પટેલ, ઉચિત શેઠ, અભય દેસાઈ વિગેરે ઉપસ્થિત રહી કરવેરાના વિવિધ વિષયો ઉપર છાણવટ કરશે. દેશભરમાંથી ૫૦૦ ઉપરાંતના વ્યવસાયીઓ ઉપસ્થિત રહી આ કન્વેન્શનનો લાભ લેશે.

## જૂનાગઢમાં પૈસા ઉછીના આપવા બાબતે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ ઝાંઝરડા રોડ પર પૈસા ઉછીના આપવા બાબતે મારામારી થતા સામસામે બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે રોહીતભાઈ હમીરભાઈ મુળીયાસીયાએ હિરેન કીરીટભાઈ જોટાંગીયા, કિરીટભાઈ જોટાંગીયા, હિરેન જોટાંગીયાની પત્ની અને હિરેન જોટાંગીયાના માતા રહે.બધા નયન સોસાયટીની બાજુમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આરોપી હિરેનને દોઢેક વર્ષ પહેલા હિરેનની પત્નીની સારવાર માટે રૂા.૨૦,૦૦૦ હાથ ઉછીના આપેલ હોય જે ફરીયાદીએ રૂપીયા પરત માંગતા આરોપી હીરેને ફરીયાદીને બે ફામ ગાળો આપી ફરીયાદી તથા સાહેદ મીહીર ઉપર જીવલેણ હુમલો કરી કાતર તથા અસ્ત્રા વડે સાહેદ મીહીરને માથાના ભાગે ચાર ઘા તથા ડાબા કાન ઉપર તથા ડાબા હાથના ભાગે તથા છાતીના ભાગે તથા જમણા પડખામા ગંભીર ઈજા કરી તથા ફરી.ને ડાબા પડખાના ભાગે અસ્ત્રાનો ઘા મારી ગંભીર જીવલેણ ઈજા કરી તથા આરોપી કિરીટભાઈએ ફરીયાદી તથા સાહેદ ઉપર છુટા પથ્થરનો ઘા કરી તથા હિરેનના માતા અને પત્નીએ ગાળાગાળી કરી સાહેદ મીહીરને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર માર્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે હિરેન જોટંગીયાએ રોહીત હમીરભાઈ મુળીયાસીયા, રાજુભાઈ હમીરભાઈ મુળીયાસીયા અને મિહીરભાઈ પ્રજાપતી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે,

(અનુ. પાના નં. ૨ ઉપર)







